નો ફેવર, નો ફિઅર...
# સામના મિરર
RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper
માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ । Date 20 DECEMBER 2024 । FRIDAY । Page :8 । Year : 2 । Issue :221 । Price: 2/-


Dt.20/12/2024 FRIDAY 03
સામના મિરર
રાહુલ ગાંધી મારી અત્યંત નજીક આવી ગયા અને જોરજોરથી બરાડા પાડવા લાગ્યા ભાજપના મહિલા સાંસદનો આરોપ
સંસદમાં ધમાલઃ રાહુલ ગાંધી સામે એફઆઈઆર નોંધાવતુ ભાજપ

સંસદમાં ધમાલઃ રાહુલ ગાંધી સામે એફઆઈઆર નોંધાવતુ ભાજપ

જુઓ પેજ નં.૩

# જયપુરમાં મોટી દુર્ઘટના, CNG ભરેલા ટેન્કરમાં વિસ્ફોટ, 5નાં મોત

## અનેક ઘાયલ, ૪૦થી વધુ વાહનો રાખઃ ફાયરબ્રિગેડના ૨૨ વાહનો ઘટનાસ્થળેઃ રેસ્ક્યૂ ઓપરેશન શરૂ



રાજસ્થાનના જયપુરના ભાંકરોટામાં એક મોટી દુર્ઘટના સર્જાઈ હતી. અહીં એક ગેસ ટેન્કરમાં અચાનક આગ લાગી જતાં ભયંકર વિસ્ફોટ થયો હતો જેમાં અનેક લોકો દાઝી ગયાના અહેવાલ સામે આવ્યા છે. આ દુર્ઘટનામાં ૫ લોકોના મોતના અહેવાલ સામે આવી રહ્યા છે. આ ઘટનાની જાણકારી મળતાં જ લગભગ ૨૨ જેટલાં ફાયરબ્રિગેડના વાહનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને આગને કાબૂમાં લેવાના પ્રયાસ હાથ ધર્યા હતા. બીજી બાજુ આ વિસ્ફોટ એટલો ભયાનક હતો કે આજુબાજુમાં ઊભેલા ૪૦થી વધુ વાહનો પણ બળીને રાખ થઈ ગયા હતા. આ વિસ્ફોટ થતાં જ વાહનોથી ભરેલા વેરહાઉસમાં પણ આગ લાગી હતી. એક સાથે ડઝનબંધ વાહનો આગની લપેટમાં આવી ગયા હતા. સીએનજી ટેન્કર અને અન્ય એક ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જે બાદ સીએનજી ટ્રકમાં એક પછી એક બ્લાસ્ટ થવા લાગ્યા હતા. ધડાધડ વિસ્ફોટથી નજીકના વાહનો પણ લપેટમાં આવી ગયા હતા. ત્યારે એક બસમાં હાજર મુસાફરોએ નીચે ઉતરીને પોતાનો જીવ બચાવ્યો હતો. આગમાં એક ડઝનથી વધુ લોકો દાઝી ગયાની માહિતી સામે આવી રહી છે. ઘાયલોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. ફાયર ફાયટર, સિવિલ ડિફેન્સ પોલીસ અને સ્થાનિક લોકોની મદદથી વાહનોમાં ફસાયેલા લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા. આ દુર્ઘટના એલપીજી અને સીએનજી ટ્રક વચ્ચે ટક્કર બાદ સર્જાઈ હોવાના પણ દાવા કરાયા છે. જેના બાદ સીએનજી ટ્રકમાં ભયંકર બ્લાસ્ટ થયો હતો. ૪૦થી વધુ વાહનો બળીને રાખ થઈ ગયા હતા. આ દુર્ઘટના ડી ક્લોથોનની નજીક સવારે પાંચ વાગ્યે સર્જાઈ હતી. દુર્ઘટનામાં ઘાયલ લોકોને હજુ પણ હોસ્પિટલ ખસેડવામાં આવી રહ્યા છે. જ્યારે ફસાયેલા લોકોને ફાયરબ્રિગેડના કર્મચારીઓ દ્વારા બચાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. સિવિલ ડિફેન્સ પોલીસ અને સ્થાનિકો પણ રેસ્ક્યૂ ઓપરેશનમાં મદદ કરી રહ્યા છે.

# ધક્કામુક્કી કાંડ બાદ લોકસભા અધ્યક્ષનો મોટો નિર્ણયઃ હવેથી સંસદના ગેટ પર સાંસદ-રાજનેતા નહીં કરી શકે પ્રદર્શન

સંસદ પરિસરમાં ધક્કામુક્કી કાંડ બાદ લોકસભા અધ્યક્ષે મોટો નિર્ણય લીધો છે. લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાએ તમામ સાંસદો અને રાજકીય દળોના નેતાઓના સંસદના ગેટ પર પ્રદર્શન કરવા પર રોક લગાવી દીધી છે. ધક્કામુક્કી કાંડમાં રાહુલ ગાંધી વિરૂદ્ધ દિલ્હી પોલીસે એફઆઈઆર પણ નોંધી છે. બીજી તરફ કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલી ફરિયાદ પર પોલીસ હજુ પણ વિચારી રહી છે. નોંધનીય છે કે, બાબાસાહેબ આંબેડકર સાથે જોડાયેલા વિવાદ પર વિપક્ષ અને સત્તાપક્ષના



સાંસદોએ ગુરુવારે (૧૯ ડિસેમ્બર) સંસદ પરિસરમાં પ્રદર્શન કર્યો હતો. જે દરમિયાન તેમની વચ્ચે ધક્કામુક્કી થઇ હતી.

દિલ્હી પોલીસે રાહુલ ગાંધી વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરાવી છે. દિલ્હી પોલીસના ટોચના સૂત્રોએ જણાવ્યું કે, ભાજપની ફરિયાદના આધાર પર આ કાર્યવાહી કરવામાં આવી છે. રાહુલ ગાંધી પર ની કલમ ૧૧૫ (સ્વેચ્છાએ નુકસાન પહોંચાડવું), કલમ ૧૧૭ (સ્વેચ્છાએ ગંભીર ઈજા પહોંચાડવી), કલમ ૧૨૫ (અન્યની સુરક્ષાને જોખમમાં મૂકવી), કલમ ૧૩૧ (ગુનાહિત બળનો પ્રયોગ), કલમ ૩૫૧ (ફોજદારી ધમકી), કલમ ૩(૫) (સામાન્ય ઉદ્દેશ્યથી કામ કરવું) હેઠળ ફરિયાદ દાખલ કરાઈ છે.

# કુવૈત જશે મોદી ૪૩ વર્ષ બાદ કોઈ ભારતીય પીએમની પ્રથમ યાત્રા

નવી દિલ્હી, તા.૧૯

વડાપ્રધાન મોદી-૨૧-૨૨ ડિસેમ્બરે કુવૈતની અધિકૃત પ્રવાસે જશે. પીએમ ત્થા કુવૈતના અમીર શેખ મેશલ અલ અહમદ અલ જેવર અલ સવાહના આમંત્રણ પર કુવૈત જઈ રહ્યા છે.આ કોઈ ભારતીય વડાપ્રધાનની ૪૩ વર્ષ બાદ પ્રથમ કુવૈત યાત્રા હશે. આ યાત્રા દરમિયાન પીએમ મોદી કુવૈતના ઉચ્ચ નેતૃત્વને મળશે. સાથે સાથે ભારતવંશીઓ સાથે પણ વાતચીતનો કાર્યક્રમ પણ છે. ઉલ્લેખનીય છે કે કુવૈત અને ભારત પારંપરિક રીતે એક બીજાના નજીકના દેશો રહ્યા છે. બન્ને દેશો મજબૂત આર્થિક સંબંધો અને પીપલ્સ ટુ પીપલ્સના સંબંધોથી જોડાયેલા છે.



## તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# જર્મનીમાં પણ રાજકીય અસ્થિરતા




ફ્રાન્સમાં વડાપ્રધાને વિશ્વાસનો મત ગુમાવ્યો એ પછી નવા વડાપ્રધાનના નામની જાહેરાત થઈ તેના દિવસો પછી જર્મનીમાં ઓલાફ સ્કોલ્ઝની સરકારે પણ વિશ્વાસનો મત ગુમાવી દીધો. આ ઘટનાક્રમોની અસર નાટો અને ઈયુ જેવા સંગઠનો પર પડશે...

યુરોપના દેશોમાં રાજકીય અસ્થિરતા વધતી જાય છે. બ્રિટનમાં રિશિ સુનકના પરાજય પછી નવા વડાપ્રધાન કિયર સ્ટાર્મર પર અર્થતંત્ર પાટે ચડાવવાનો પડકાર હતો અને એમાં છ માસ પછી પણ સંઘર્ષ કરી રહ્યા છે. સ્થાનિક સ્તરે તેમની સામે વિરોધ વધ્યો છે અને નાગરિકોએ ફરીથી ચૂંટણી કરાવવાની માગણી સાથે હસ્તાક્ષર અભિયાન શરૂ કર્યું છે. પોતાની લેબર પાર્ટીના નારાજ નેતાઓના દબાણના કારણે સ્ટાર્મરે સરકારી નીતિઓમાં ફેરફાર કરવાની જાહેરાત કરી છે.

ફ્રાન્સમાં તો માત્ર ત્રણ મહિનામાં પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોંએ બનાવેલા વડાપ્રધાન બાર્નિયરની સરકાર પડી ગઈ અને એ પછી માત્ર ૩૩ સાંસદોનું સંખ્યાબળ ધરાવતી પાર્ટી ડેમોક્રેટિક મુવમેન્ટના નેતા ફ્રેંકોઈસ બાયરુને વડાપ્રધાન બનાવવા પડ્યા છે. ૨૦૨૪માં ફ્રાન્સમાં પાર્લામેન્ટરી ઈલેક્શનમાં પ્રમુખ મેક્રોંની પાર્ટીને જોઈએ એવી સફળતા મળી નહીં અને તેમના હરીફ મરીન લી પેનની પાર્ટીને વધુ બેઠકો મળી. ન છૂટકે મેક્રોંએ ગઠબંધન કરીને બાર્નિયરને વડાપ્રધાન તો બનાવી દીધા, પરંતુ તેઓ બજેટનું બિલ પસાર કરવામાં સંખ્યાબળ સાબિત કરી શક્યા નહીં.

મરીન લી પેનના નેતૃત્વમાં જમણેરી પાર્ટીઓનું જોર ફ્રાન્સમાં વધ્યું છે. ઈમેન્યુઅલ મેંક્રોની ટર્મ ૨૦૨૭માં પૂરી થશે. ૨૦૨૨માં મેક્રોં પ્રમુખપદની ચૂંટણી જીતી ગયા હતા, પરંતુ તેમની પાર્ટીને વડાપ્રધાનપદ માટે જરૂરી બેઠકો અપાવી શક્યા ન હતા એટલે વિપક્ષ મજબૂત હોવાથી મહત્વનાં બિલ પસાર કરવામાં ભારે મુશ્કેલી પડી રહી છે. યુરોપિયન સંઘની ચૂંટણીમાં પણ મેક્રોંની પાર્ટીનો દેખાવ કથળ્યો. આ બધાની અસર ફ્રાન્સની વિદેશનીતિ પર પડી રહી છે. અત્યારે રશિયા-યુક્રેન યુદ્ધમાં ફ્રાન્સ યુક્રેનને મદદ કરે છે, પરંતુ મેક્રોંની પાર્ટી નબળી પડી હોવાથી આર્થિક અને લશ્કરી મદદ કરવાનું કપરું થઈ પડયું છે.

ફ્રાન્સ જેવી જ રાજકીય સ્થિતિ હવે જર્મનીમાં સર્જાઈ છે. જર્મનીમાં ૨૦૨૧ના ડિસેમ્બરમાં ચાન્સલરની ચૂંટણી થઈ હતી. તે વખતે એન્જેલા મર્કેલ ચાન્સલર હતા અને તેમણે ચૂંટણી પહેલાં જ નિવૃત્તિ જાહેર કરી હતી. એ સાથે જ તેમના ૧૬ વર્ષ લાંબા શાસનનો અંત આવ્યો હતો. એ ચૂંટણીમાં તેમની પાર્ટીના ઉમેદવાર આર્મિન લાસ્કેટનો જમણેરી વિચારધારા ધરાવતી સોશિયલ ડેમોક્રેટિક પાર્ટીના ઓલાફ સ્કોલ્ઝ સામે પરાજય થયો હતો. ઓલાફ સ્કોલ્ઝ ૨૦૨૧ના ડિસેમ્બરમાં જર્મનીના ચાન્સલર બન્યા હતા. તેમની પાર્ટીને પૂર્ણ બહુમતી મળી ન હતી એટલે સમાન વિચારધારાના પક્ષોના ગઠબંધનથી સરકાર બની હતી.

આ સરકાર ત્રણ વર્ષ સુધી નાના-મોટા મતભેદો વચ્ચે ચાલી હતી, પરંતુ આવતા વર્ષના અંતે જર્મનીમાં ચૂંટણી થવાની છે. એ ચૂંટણીને ધ્યાનમાં રાખીને ઓલાફ સ્કોલ્ઝ આર્થિક નીતિમાં ફેરફાર કરવા ઈચ્છતા હતા. તેમની ગણતરી એવી હતી કે સ્ટેબલ થયેલું જર્મનીનું અર્થતંત્ર જો વેગ પકડે ને નવી રોજગારી સર્જાય તો એક વર્ષ પછી થનારી ચૂંટણીમાં એનો ફાયદો મેળવી શકાય. પરંતુ ગઠબંધનના સહયોગીઓને ચાન્સલરની નવી આર્થિક નીતિઓ માફક ન આવી. નાણા મંત્રાલય સહયોગી પાર્ટી પાસે હતું. ઓલાફ સ્કોલ્ઝનું ધાર્યું ન થતાં તેમણે નાણામંત્રીની હકાલપટ્ટી કરી નાખી. એ સાથે જ ત્રણ મોટી પાર્ટીઓનું ગઠબંધન તૂટી પડયું.

આખરે એ મુદ્દે વિશ્વાસનો મત મેળવવાનો પડકાર સર્જાયો ને પૂરતું સંખ્યાબળ ન હોવાથી ઓલાફ સ્કોલ્ઝની સરકારે વિશ્વાસનો મત ગુમાવી દીધો. જર્મનીમાં ૭૩૩ સભ્યોની એસેમ્બલી છે એમાંથી કોઈ બિલ પસાર કરવા માટે ૩૬૭ સાંસદોનું સમર્થન જરૂરી છે. ઓલાફ સ્કોલ્ઝને માત્ર ૨૦૭ સાંસદોનું સમર્થન મળ્યું. તેમની વિરૂદ્ધમાં ૩૯૪ મતો પડયા અને ૧૧૬ સાંસદોએ ગેરહાજર રહીને ઓલાફ સ્કોલ્ઝની પોલિસીનો આડકતરો વિરોધ નોંધાવ્યો. આ બહુ મોટું અંતર હોવાથી ઓલાફ સ્કોલ્ઝ નૈતિક રીતે અને બંધારણની રીતેય હોદ્દા પર રહી શકે તેમ નથી.

# યુપી-હરિયાણા-રાજસ્થાનમાં ફટાકડા પર પ્રતિબંધ દિલ્હીમાં પ્રદૂષણ વધતાં સુપ્રીમ કોર્ટનો આદેશ



દેશની રાજધાની દિલ્હીમાં પ્રદૂષણ સતત વધતું જઈ રહ્યું છે. અહીં કેટલાક શહેરોમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૪૦૦ને પાર પહોંચી ગયું છે, ત્યારે સુપ્રીમ કોર્ટે દિલ્હીમાં પ્રદૂષણ ઘટાડવા માટે ત્રણ રાજ્યોમાં ફટાકડા પર પ્રતિબંધ લાદવાનો આદેશ આપ્યો છે. વાસ્તવમાં સુપ્રીમ કોર્ટમાં દિલ્હી-માં વધતા પ્રદૂષણ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કોર્ટે પ્રદૂષણ ઘટાડવા માટે ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં, જ્યાં સુધી આગામી આદેશ ન મળે ત્યાં સુધી ફટાકડાના વેચાણ પર પ્રતિબંધ લાદવાનો આદેશ આપ્યો છે. દિલ્હી સરકારે કોર્ટમાં કહ્યું કે, અમે રાજધાનીમાં ફટાકડાના આખા વર્ષના સ્ટોક અને વેચાણ પર પ્રતિબંધ લગાવી દીધો છે. સરકારની દલીલ પર સુપ્રીમ કોર્ટે કહ્યું કે, તમારા નિર્ણયની અસર ત્યારે જ પડશે, જ્યારે એનસીઆરના અન્ય શહેરોમાં પણ આવો પ્રતિબંધ લાદવામાં આવે. તેથી જ ઉત્તર પ્રદેશ અને હરિયાણાં પણ આવો પ્રતિબંધ લાદો. કોર્ટે આ મામલાની આગામી સુનાવણી ૧૫ જાન્યુઆરીએ હાથ ધરવાનો નિર્ણય લીધો છે.

સુપ્રીમ કોર્ટે સુનાવણી વખતે દિલ્હીમાં ૩૮૦૦ ટનથી વધુ ઘન કચરા મુદ્દે આશ્ચર્ય વ્યક્ત કર્યું છે અને દિલ્હી સરકાર અને એમસીડીને ઘન કચરાનો નિવેડો લાવવાના યોગ્ય ઉપાયો અપનાવા કહ્યું છે. આ સાથે જ કોર્ટે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ નિયમો ૨૦૧૬નું પાલન મુદ્દે દિલ્હી સરકાર પાસે એફિડેવિટ માંગી છે. સુપ્રીમ કોર્ટે શ્રમિકોને ભરણપોષણ ન આપવા મામલે એનસીઆરની સરકારોને ચેતવણી આપી છે. કોર્ટે ઉત્તર પ્રદેશ, હરિયાણા અને રાજસ્થાનને દિલ્હી જેમ ફટાકડા પર પ્રતિબંધ લાદવા કહ્યું છે. કોર્ટે -૪ હેઠળ થતી કામગીરીની દેખરેખ રાખવા માટે એનસીઆરની રાજ્ય સરકારોને વિશેષ ટીમ બનાવવાનો આદેશ આપ્યો છે.

# જમ્મુ-કાશ્મીરના કુલગામમાં એન્કાઉન્ટર, ૫ આતંકવાદીઓ ઠાર ૨ સૈનિકો પણ ઘાયલ

શ્રીનગર, તા. ૧૯

જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લાના કદ્દેર વિસ્તારમાં સેના અને પોલીસે સંયુક્ત ઓપરેશનમાં ૫ આતંકવાદીઓને ઠાર કર્યા છે. જો કે હજુ સુધી આતંકીઓના મૃતદેહ મળ્યા નથી. અથડામણમાં બે જવાન પણ ઘાયલ થયા છે. ગુરૂવારે સવારે સેના અને પોલીસને આ વિસ્તારમાં ૪-૫ આતંકીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી. આ પછી સંયુક્ત સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સર્ચ દરમિયાન આતંકીઓએ ફાયરિંગ શરૂ કરી દીધું હતું. સેનાએ પણ જવાબી કાર્યવાહી કરી હતી.

બીજી તરફ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે જમ્મુ-કાશ્મીરની સુરક્ષા વ્યવસ્થાને લઈને દિલ્હીમાં બેઠક યોજી શકે છે. સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણી બાદ આ પ્રથમ બેઠક હશે. તેમાં લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા, સેનાના વરિષ્ઠ અધિકારીઓ, અર્ધલશ્કરી



દળો, જમ્મુ-કાશ્મીર પ્રશાસન, ગુપ્તચર એજન્સીઓ અને ગૃહ મંત્રાલય સામેલ હશે.

અગાઉ ૧૬ જૂને પણ શાહે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. જેમાં તેણે અધિકારીઓને આતંકવાદને કચડી નાખવા અને આતંકવાદીઓને મદદ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવાની સૂચના આપી હતી.ડિસેમ્બરમાં એન્કાઉન્ટરની પ્રથમ ઘટના, નવેમ્બરમાં ૮ આતંકવાદીઓ માર્યા ગયા હતા જમ્મુ-કાશ્મીરમાં સેના અને આતંકવાદીઓ વચ્ચે એન્કાઉન્ટરની આ પ્રથમ ઘટના છે. ગયા મહિને નવેમ્બરમાં ૧૦ દિવસમાં ૯ એન્કાઉન્ટર થયા હતા. જેમાં ૮ આતંકવાદીઓ માર્યા ગયા હતા.



રાહુલ ગાંધી મારી અત્યંત નજીક આવી ગયા અને જોરજોરથી બરાડા પાડવા લાગ્યા ભાજપના મહિલા સાંસદનો આરોપ

# સંસદમાં ધમાલઃ રાહુલ ગાંધી સામે એફઆઈઆર નોંધાવતુ ભાજપ

નવી દિલ્હી આજે સંસદના પરિસરમાં થયેલી ધક્કામુકી અને ઝપાઝપીમાં કોંગ્રેસના બે સાંસદો ઘાયલ થયાના અહેવાલ છે તે અને તેઓ આઈસીકયુમાં છે તે વચ્ચે ભાજપે હવે રાહુલ ગાંધી સામે આ મુદ્દે ફરિયાદ નોંધાવી છે. આજે આ ઘટના બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહની ચેમ્બરમાં બેઠક મળી હતી જેમાં સંસદીય બાબતોના મંત્રી કિરણ રિજ્જુ સહિતના અગ્રણીઓ હાજર હતા. ભાજપના સૂત્રોના જણાવ્યા મુજબ બન્ને સાંસદોને માથામાં ઈજા થઈ છે અને તેના સીટી સ્કેન થઈ રહ્યા છે. બીજી તરફ ભાજપનું એક પ્રતિનિધિમંડળ સંસદભવન પોલીસ થાણા પર રાહુલ ગાંધી વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા પહોંચ્યા છે. ભાજપના સાંસદ અનુરાગ ઠાકુર સહિતના નેતાઓ આ ફરિયાદ નોંધાવવા ગયા છે અને હવે તેઓ પોલીસ પગલા લે છે તેના પર સૌની નજર છે.

આજે સંસદ ભવન બહાર જે દ્રશ્યો સર્જાયા તેમાં ભાજપના મહિલા સાંસદોએ રાહુલ ગાંધી પર યોગ્ય આચરણ નહી કરવાનો આરોપ મુકયો હતો અને કહ્યું હતું કે રાહુલ ગાંધી અમારી નજીક આવી ગયા હતા અને જોરજોરથી બરાડા પાડવા લાગ્યા હતા. તેમનું આ વર્તન યોગ્ય ન હતું.આજે સંસદભવન બહાર થયેલી ધક્કામુક્કી અને ઝપાઝપીમાં વડોદરાના સાંસદ ડો.હેમાંગ જોષી દોડી ગયા હતા અને ભાજપના સાંસદ પ્રતાપ સારંગીને નીચે પડેલા જોઈને તેણે રાહુલ ગાંધી સામે આકરો મિજાજ દર્શાવ્યો હતો અને કહ્યું કે ગુંડાગીર્દી કરતે હો આપ શર્મ નહી આતી આપકો આમ કહીને તેણે રાહુલને ઝાટકી નાંખ્યા હતા.ડો. બાબા સાહેબ આંબેડકર અંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહના વિધાનો મુદ્દે સંસદમાં ધમાલ અને બંને ગૃહો મુલત્વી રહ્યા બાદ આજે સંસદ ભવન બહાર ભાજપ અને કોંગ્રેસના સાંસદો વચ્ચે ધકા-મુકી અને એક બીજા પર પ્રહાર જેવી સ્થિતિ બની ગઇ હતી. દેશના સંસદીય ઈતિહાસમાં પ્રથમ વખત આ પ્રકારના દ્રશ્યો જોવા મળ્યા હતા. આજે સંસદની કામગીરીના પ્રારંભ પૂર્વે કોંગ્રેસના સભ્યોએ ફરી એક વખત સંસદ ભવન બહાર દેખાવો કર્યા હતા અને તે સમયે સંસદમાં પ્રવેશી રહેલા ભાજપના સભ્યો અને કોંગ્રેસના સાંસદો વચ્ચે જબરી ધકા-મુકી થઇ હતી. વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ આરોપ મુક્યો કે, અમે સંસદમાં પ્રવેશ કરવા જઇ રહ્યા હતા પરંતુ અમને રોકવાની કોશિષ થઇ હતી. પક્ષ પ્રમુખ મુલ્લીકાર્જુન ખડગે અને સાંસદ પ્રિયંકા ગાંધી સાથે ધક્કામુક્કી થઇ હતી.

કોંગ્રેસે સંસદ ભવન પરિસરમાં એક કુચનું આયોજન કર્યુ હતું તે સમયે મકર દ્વાર પાસે જ બંને પક્ષોના સાંસદો વચ્ચે જબરી ધકા-મુકી થઇ હતી અને તેમાં ભાજપના સાંસદ પ્રતાપ સારંગીને ઈજા થતાં તેઓને સારવાર માટે લઇ જવાયા હતા.

## ભાજપ પર દેશનું ધ્યાન ભટકાવવાનો રાહુલ ગાંધીનો આક્ષેપ

નવી દિલ્હી : બાબાસાહેબ આંબેડકરના સન્માનના નામે સરકાર અને વિપક્ષ વચ્ચે ચાલી રહેલા ઘર્ષણ વચ્ચે સંસદ પરિસરમાં ગુરુવારે સાંસદો વચ્ચે ધક્કા-મુક્કી થઈ હતી. આ વિવાદ ભારે વકર્યો છે ત્યારે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે પ્રેસ કોન્ફરન્સ કરી ભાજપ પર અદાણી-આંબેડકરના મુદ્દા પરથી દેશનું ધ્યાન હટાવવાનો આક્ષેપ કર્યો હતો. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ગુરુવારે સવારે સંસદ પરિસરમાં ધક્કા-મુક્કીની ઘટના પછી સાંજે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. તેમણે કહ્યું કે, શિયાળુ સત્રમાં મુખ્ય મુદ્દો અમેરિકામાં ગૌતમ અદાણી સામે કેસ થયો તેનાથી શરૂ થયો હતો. પરંતુ ભાજપની રણનીતિ હતી કે અદાણી મુદ્દે કોઈ ચર્ચા ના થાય અને તે મુદ્દો દબાઈ જાય.

# ગિરનાર ટાઢોબોળ: ૪.૮ ડીગ્રી નલીયા ૫.૭, જુનાગઢમાં ૯.૮ ડીગ્રી

## સૌરાષ્ટ્ર-કચ્છમાં કડકડતી ઠંડીનું મોજૂ યથાવત રાજકોટ, જામનગર, અમરેલી, પોરબંદરમાં પણ પારો ૧૦ થી ૧૧ ડીગ્રી વચ્ચે સ્થિર કોલ્ડવેવનો અનુભવ



રાજકોટ તા.૧૯

સૌરાષ્ટ્ર-કચ્છમાં કડકડતી ઠંડી આજે પણ યથાવત રહી હતી ખાસ કરીને રોજની જેમ નલીયામાં આજરોજ પણ ૫.૭ ડીગ્રી લઘુતમ તાપમાન સાથે કાતિલ ઠંડી નોંધાઈ હતી. જયારે આજે ફરી એકવાર ગીરનાર પર્વત ૪.૮ ડીગ્રી સાથે હિમપર્વત બની ગયો હતો. તથા જુનાગઢ શહેરમાં પણ ૯.૮ ડીગ્રી સાથે કડકડતી ઠંડી નોંધાઈ હતી.

આ ઉપરાંત પોરબંદરમાં ૧૦.૯, રાજકોટમાં ૧૦.૮, જામનગરમાં ૧૧ તથા અમરેલી ખાતે ૧૧.૭ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. તેમજ અમદાવાદમાં ૧૪.૯ વડોદરામાં ૧૩.૮, ભુજમાં ૧૧.૨, દમણમાં ૧૫.૮, ડીસામાં ૧૨.૮, દિવમાં ૧૨.૩, દ્વારકામાં ૧૬.૨, કંડલામાં ૧૩.૬, અને વેરાવળમાં ૧૬.૭ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું.

જયારે જૂનાગઢમાં ગઈકાલે તાપમાન ઘટીને ૯.૮ ડીગ્રીએ નોંધાતા સોરઠ જિલ્લો ઠંડોગાર બની જતાં શિયાળાનું અસલીરુપ જોવા મળી રહ્યું છે. જનજીવન ઉપર મોટી અસર થવા પામી છે. સીઝનનું સૌથી નીચુ તાપમાન રહેવા પામ્યુ છે. ગિરનાર પર્વત ઉપર પારો નીચે ઉતરી ૪.૮ ડીગ્રીએ નીચે આવી જતા યાત્રીકો ઠુંઠવાયા હતા. ભવનાથમાં ૬.૮ ડીગ્રી નોંધાયું છે.

પવનની ગતિ વધીને ૬.૨ કી.મી. પ્રતિકલાક હીમ જેવો ફુંકાઈ રહ્યો છે. ગત વર્ષ ૧૧ માસ બાદ પારો નીચે જવા પામતા વર્ષ ૨૦૨૪નો સૌથી ઠંડો દિવસ નોંધાયો છે. કાતિલ ઠંડીનો અનુભવ પશુ-પંખી-જીવજંતુ-માનવીઓ ઉપરાંત વન્ય પ્રાણીઓ કરી રહ્યા છે. વન્ય પ્રાણીઓ કુવામાં અંદર બેસી બહાર ન નીકળવાનું જોવા મળી રહ્યું છે. ભાવનગર શહેરમાં આજે ગુરુવારે લઘુતમ તાપમાન ૧૫.૪ ડીગ્રી નોંધાયું હતું. જયારે ગઈકાલનું મહત્તમ તાપમાન ૨૭.૯ ડિગ્રી રહ્યું હતું .વાતાવરણમાં ભેજ નું પ્રમાણ ૬૯ ટકા રહ્યું હતું .જયારે પવનન ઝડપ ૬ કિ.મી. પ્રતિ કલાકની રહી હતી. જામનગરમાં શિયાળો બરોબરની જમાવટ લઈ રહ્યો છે. જેને લઈને ઠંડીમાં વધારો થતા જનજીવન ઠુંઠવાય રહ્યું છે. ઠંડીના પગલે રાત્રિના સમયે જાણે કર્ફ્યુ જેવો માહોલ જોવા મળે છે.

ગઈકાલે સિઝનનું સૌથી નીચું તાપમાન રહ્યા બાદ આજે તાપમાનમાં આંશિક વધારો નોંધાયો છે. આજે લઘુતમ તાપમાનનો પારો ૧૧ ડિગ્રીએ સ્થિર થયો હતો.

જામનગરમાં ઠંડીએ જમાવટ કરતાં આજે જામનગર શહેરમાં લઘુતમ તાપમાનનો પારો ૧૧ ડિગ્રીએ અટક્યો હતો. આ ઉપરાંત મહત્વનું તાપમાન નો પારો ૨૬ ડિગ્રી પર અટક્યો હતો. તો વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૨ ટકા રહ્યું હતું સાથે પવનની ગતિ ૩.૫% નોંધાઈ હતી.

જામનગર સહિત રાજયમાં ઠંડીની મોડી જમાવટ થઈ રહી છે.

# મિલ્કત વેરા સાથે પ્રોફેશ્નલ ટેકસની પણ ઉઘરાણી ૬૫ હજાર નોટીસ ઈશ્યુ

## મોટા વ્યવસાયિકો સાથે નાના ધંધાર્થીઓના પણ ધડાધડ રજીસ્ટ્રેશન ગૃહઉદ્યોગ જેવા કામ કરતા લોકોમાં દોડધામ ચાલુ વર્ષનો લક્ષ્યાંક હજુ ૧૨ કરોડ છેટો..

રાજકોટ, તા. ૧૯

મ્યુનિ. કોર્પોરેશનની વેરા વસુલાત શાખા દ્વારા સઘન રીકવરી ઝુંબેશ ચાલી રહી છે ત્યારે વ્યવસાય વેરાની આવકમાં પણ વધારો કરવા નોટીસોના રસ્તે ધડાધડ ઉઘરાણી વધી રહી છે. છેલ્લા બેક વર્ષથી વ્યવસાય વેરા ભરવાને પાત્ર ધંધાર્થીઓ પાસેથી વસુલાત ઉપરાંત નહીં નોંધાયેલા વ્યવસાયિકોની નોંધણી માટે પણ મોટી કસરત કરવામાં આવી છે. તે દરમ્યાન છેલ્લા સમયમાં ૧૮ વોર્ડમાં ૬૫ હજાર જેટલા આસામીઓને નોટીસ ફટકારવામાં આવતા નાના મોટા ધંધાર્થીઓમાં ફફડાટ મચ્યો છે.

મહાપાલિકાની વેરા વસુલાત શાખા દ્વારા મિલ્કત ટેકસની સાથે હવે વ્યવસાય વેરો વસૂલવા પણ સઘન કાર્યવાહી હાથ ધરાઈ છે, ચાલુ નાણાંકીય વર્ષ અંતર્ગત રૂ.૩૫ કરોડની વસુલતના ટાર્ગેટ સામે હાલ સુધીમાં ૨૩ કરોડની વસુલાત થઈ છે. આથી ટાર્ગેટથી હજુ ૧૨ કરોડનું અંતર રહેતા હવે ધડાધડ નોટિસો આપવામાં આવી રહી છે.

શહેરના જુદા જુદા વોર્ડમાં વ્યવસાય કરતા છતાં નહીં નોંધાયેલા એવા નવા કરદાતાઓ શોધી તેનું રજિસ્ટ્રેશન કરવા તેમજ અગાઉથી રજિસ્ટર્ડ હોય અને બાકી વેરો ચુકવતા ન હોય તેવા કરદાતાઓ પાસેથી વેરો વસુલવાની કામગીરી સમાંતર રીતે ચાલી રહી છે. વોર્ડ વાઇઝ સર્વેના અંતે કુલ ૬૫,૦૦૦ વ્યવસાયિકોને નોટિસ ફટકારવામાં આવી હોવાનું સુત્રોએ જણાવ્યું હતું.

વ્યવસાય વેરો આમ તો થોડા વર્ષો પહેલા રાજય સરકારે મહાપાલિકાને આવકના એક નાના સ્ત્રોત તરીકે સોંપ્યો છે. આવક નાની હોવા છતાં કસરત મોટી હોય છે. અત્યાર સુધી શેરબ્રોકર ડોકટર, એડવોકેટ, નોટરી, સી.એ., કંપની સેક્રેટરી, કોન્ટ્રાકટર, બિલ્ડર, આર્કિટેકટ, કન્સલ્ટિંગ સિવિલ ઈજનેર, નાના મોટા એકમો જેવા વ્યવસાયિકોને નોટિસ આપી રજિસ્ટ્રેશન કરાવવા અથવા તો રજિસ્ટર્ડ હોય તેને વેરો ચુકતે કરવા નોટિસો અપાતી હતી.

પરંતુ હવે વોર્ડ વાઇઝ ગ્રાઉન્ડ લેવલ સુધી ફિલ્ડવર્ક કરી બ્યુટી પાર્લર, હેર પાર્લર, ટેઈલર, ગ્રોસરી સ્ટેર જેવા નાના વ્યવસાયિકોને નોટિસ આપવામાં આવી રહી છે. પેઢીમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યાના આધારે આ ટેકસ ભરવાનો હોય છે.

# ૨૬મી ડિસેમ્બરથી હૈદરાબાદની ફ્લાઈટ ડેઈલી ઉડશે



### બુધવારના દિવસે સાંજે અને અન્ય તમામ દિવસોમાં સવારે લેન્ડીંગ - ટેક ઓફ મુસાફર વર્ગમાં ખુશી

રાજકોટ, તા.૧૯

ઈન્ટરનેશનલ એરપોર્ટના વિન્ટર શેડ્યુલમાં આગામી તા.૨૬થી હૈદ્રાબાદની ફ્લાઈટના આવાગમનમાં મોટો ફેરફાર થનાર છે. હાલના દિવસોમાં સપ્તાહમાં ચાર દિવસ ઉડતી હૈદ્રાબાદની ફ્લાઈટ આગામી તા.૨૬થી ડેઈલી ઉડાન ભરશે.

ઈન્ટરનેશનલ એરપોર્ટના વિન્ટર શેડ્યુઅલમાં હાલ ઈન્ડિગો એર લાઈન્સ કંપનીની રાજકોટ હૈદ્રાબાદ સપ્તાહમાં સોમ, બુધ, શુક્ર, શનિવારે ઉડ્ડયન શરુ છે. આગામી તા.૨૬થી આ ફ્લાઈટ ડેઈલી ઉડાન ભરશે સાથે સમયમાં પણ ફેરફાર નોંધાયો છે.તા.૨૬થી ફ્લાઈટ બુધવારના દિવસ સિવાય સવારે ૯-૫૫ કલાકે લેન્ડ થઈ ૧૦-૨૫ કલાકે હૈદ્રાબાદ જવા ટેકઓફ થશે જયારે બુધવારે સાંજે ૬ કલાકે લેન્ડ થઈ ૬-૪૫ કલાકે ટેકઓફ થશે.

મુંબઈ-દિલ્હી, બેંગ્લોર સાથે હૈદ્રાબાદની ફ્લાઈટમાં મુસાફરોનો ટ્રાફિક મળતા હૈદ્રાબાદની ફ્લાઈટ તા.૨૬થી ડેઈલી શરુ કરવા એર લાઈન્સ કંપનીએ નિર્ણય લીધો છે મુસાફરોમાં ખુશી જોવા મળી રહી છે

# આજે રાજકોટમાં પ્રથમ વખત ડીજીપીની ક્રાઈમ કોન્ફરન્સ

**નવ રેન્જ આઈજી, ચાર સીપી, સીઆઇડી, એટીએસ, લો એન્ડ ઓર્ડરના વડા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ હાજર રહેશેઃ મિલ્કત-શરીર સંબંધી ગુનાઓના ડિટેક્શન, લોન મેળા, વ્યાજંકવાદ વિરૂદ્ધ લોક દરબાર, ત્રણ વાત અમારી ત્રણ વાત તમારી સહિતના મુદ્દાઓ પર ચિંતન થશેઃ રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય અધિકારીઓ પાસેથી ક્રાઈમ રેટ ઘટાડવા સૂચનો પણ લેશે પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા અને ટીમ દ્વારા તૈયારીને આખરી ઓપ અપાયો**



રાજકોટ. તા.૧૯

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા ગાંધીનગર યોજાતી ક્રાઈમ કોન્ફરન્સ હવે મહાનગરોમાં પણ યોજાવાની જાહેરાત કર્યા બાદ રાજકોટમાં પ્રથમ વખત આવતીકાલે ડિજીપીની અધ્યક્ષતામાં ક્રાઈમ કોન્ફરન્સ થવા જઈ રહી છે, જેમની શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા ના માર્ગદર્શન હેઠળ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. જેમાં નવ રેન્જ આઈજી, ચાર સીપી, સીઆઇડી, એટીએસ, લો એન્ડ ઓર્ડરના વડા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ હાજર રહેવાના હોવાથી શહેર પોલીસમાં ધમધમાટ જોવા મળી રહ્યો છે. રાજ્ય પોલીસ વડાની અધ્યક્ષતામાં સમયાંતરે ડિજી કક્ષાના અધિકારીઓ સાથે ક્રાઈમ કોન્ફરન્સ યોજી ક્રાઈમ રેટ ઘટાડવા સહિતની બાબતો પર ચર્ચા કરી અધિકારીઓ દ્વારા પોતાના વિચારો રજુ કરવામાં આવતાં હોય છે.

ડીજીપીએ થોડાં સમય પહેલાં એક નવી પહેલ શરૂ કરી હતી જેમાં નિયમિત ગાંધીનગરમાં જ મળતી ક્રાઈમ કોન્ફરન્સ અલગ અલગ શહેરોમાં યોજાઈ તેવું નક્કી કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત રાજકોટમાં સૌ પ્રથમ વાર આવતીકાલે સીપી કચેરીએ સવારથી ક્રાઈમ કોન્ફરન્સ ડિજીપીની અધ્યક્ષતા મળશે.

ક્રાઈમ કોન્ફરન્સમાં રાજકોટ, અમદાવાદ, વડોદરા, સુરત, ગાંધીનગર, જૂનાગઢ, કચ્છ બોર્ડર અને પશ્ચિમ રેલ્વે રેન્જના આઈજી તેમજ રાજકોટ, સુરત, અમદાવાદ અને વડોદરાના પોલીસ કમિશ્નર હાજર રહેશે. ઉતરાંત સીઆઇડ, એટીએસ, લો એન્ડ ઓર્ડર અને ઈન્કવાયરીના વડા પણ ક્રાઈમ કોન્ફરન્સમાં જોડાશે.

રાજ્ય પોલીસ વડાના અધ્યક્ષતામાં મળનારી કોન્ફરન્સમાં મિલકત-શરીર સંબંધી ગુનાઓના ડિટેક્શન, આર્થીક ભીંસમાં ફસાયેલા લોકો આપઘાત કરવા તરફ ન પ્રેરાઈ તે માટે લોન મેળા, તેમજ વ્યાજંકવાદ વિરૂદ્ધ લોક દરબાર, ત્રણ વાત અમારી ત્રણ વાત તમારી સહિતના મુદ્દાઓ પર ચિંતન કરી સૂચનો મેળવવામાં આવશે.

ઉપરાંત રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય અધિકારીઓ પાસેથી ક્રાઈમ રેટ ઘટાડવા સૂચનો પણ લેશે. જે કાર્યક્રમ માટે પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા અને ટીમ દ્વારા તૈયારીને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આજથી જ સીપી કચેરીમાં ધમધમાટ જોવા મળી રહ્યો છે. મહેમાન બની આવતા પોલીસ અધિકારીઓ માટે ઈમ્પીરીયલ પેલેસ હોટલમાં ભોજન સમારંભ

આવતીકાલે સીપી કચેરીએ યોજાનાર ક્રાઈમ કોન્ફરન્સમાં મહેમાન બની આવતા રાજ્ય પોલીસ વડા સહીતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ માટે ઈમ્પીરીયલ પેલેસ હોટલમાં ભોજન સમારંભનું આયોજન રાખવામાં આવ્યું છે.

રાજકોટ શહેરમાં પોલીસ કમીશ્નર કચેરી ખાતે આવતીકાલે મળનારી ક્રાઈમ કોન્ફરન્સના અધ્યન રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય મોડી સાંજે જ રાજકોટ આવી પહોંચશે અને સિધા સર્કીટ હાઉસ આવી ત્યાં જ રાત્રી રોકાણ કરશે. પોલીસ સુત્રોમાંથી મળતી માહીતી મુજબ રાત્રીના સમયે તેઓ શહેર પોલીસ કમીશ્નર સહીતના અન્ય અધિકારીઓ સાથે બેઠક પણ કરી શકે છે.

આવતીકાલે રાજકોટમાં યોજાનારી ક્રાઈમ કોન્ફરન્સની સાથે ડીજીપી વિકાસ સહાય રાજકોટ રેન્જ આઈજી ઓફીસની પણ મુલાકાતે જશે અને રેન્જમાં આવતા જીલ્લાના ક્રાઈમ રેટ અંગે પણ ચર્ચા કરશે.

ડીજીપીની મુલાકાત સમયે રેન્જ આઈજી અશોક કુમાર યાદવ તેમજ રાજકોટ એસપી હિમકરસિંહ, જામનગર એસપી પ્રેમસુખડેલુ, મોરબી એસપી રાહુલ ત્રિપાઠી, દેવભૂમી દ્વારકા એસપી નિલેશ પાંડે અને સુરેન્દ્રનગર એસપી ડો.ગીરીશ પંડ્યા પણ હાજર રહેશે.

ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ રાતે આવી પહોંચશે સર્કીટહાઉસમાં જગ્યા ટુંકી પડશે તો હોટલમાં રોકાણ

આવતીકાલે યોજાનાર ક્રાઈમ કોન્ફરન્સમાં ડીજીપી નવ રેન્જ આઈજી અને અલગ-અલગ વિભાગના વડાઓ સહીતના પોલીસ અધિકારીઓ પણ રાત સુધીમાં રાજકોટ આવી પહોંચશે.

મહેમાન બની આવતાં અધિકારીઓને પણ સર્કીટ હાઉસમાં જ રાત્રી રોકાણની વ્યવસ્થા કરવામાં આવી છે. જો કે સર્કીટ હાઉસમાં હાઈકોર્ટના જજ પણ આવતાં હોવાથી જગ્યા ટુંકી પડશે તો શહેરની હોટલો પણ બુક કરવામાં

# શહેર પોલીસ મેદાનમાં ઉતરી દારૂ, બેદરકાર વાહન ચાલકો, માથાભારે શખ્સો સામે કાર્યવાહી

## ગાંધીગ્રામ, યુનિવર્સિટી, પ્ર.નગર, એ ડીવીઝન, તાલુકા, માલવિયાનગર પોલીસ મથક વિસ્તારમાં ૯૦થી વધુનો સ્ટાફ કોમ્બીંગમાં ઉતર્યોઃ ૯૦ ગુના નોંધાયા




રાજકોટ, તા.૧૯

શહેરમાં દારૂના ધંધાર્થીઓ, બેદરકાર વાહન ચાલકો અને માથાભારે શખ્સો સામે શહેર પોલીસની ટીમ મેદાનમાં ઉતરી હતી. જેમાં એલસીબી, ઝોન-૨ના ૬ પોલીસ મથક વિસ્તારમાં કોમ્બીંગ કરી ૯૦ ગુના નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં ગાંધીગ્રામ, યુનિવર્સિટી, પ્ર.નગર, એ ડીવીઝન, તાલુકા, માલવિયાનગર પોલીસ મથક વિસ્તારમાં ૯૦થી વધુનો સ્ટાફ કોમ્બીંગમાં ઉતર્યો હતો અને લુખ્ખાઓને કાયદાનું ભાન કરાવ્યું હતું. પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી.સીટી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી રાધીકા ભારાઈની રાહબરીમાં એલસીબી ઝોન-૨, ગાંધીગ્રામ, યુનિવર્સિટી, પ્ર.નગર, એ ડીવીઝન, તાલુકા, માલવિયાનગર પોલીસના સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી, રૈયાધાર, રૈયાગામ, કીટીપરા, બજરંગવાડી, છોટુનગર મફતીયાપરા, ઘંટેશ્વર ૨૫ વારીયા જેવા વિસ્તારોમાં પ્રોહીબીશન તેમજ અન્ય ગેરકાયદેસરની પ્રવૃતિ અટકાવવા કોમ્બીંગ હાથ ધરેલ હતું.જેમાં દેશી દારૂના ૧૮, વિદેશી દારૂના બે, એનસી ગુના ૬૨, વાહન ચાલકો વિરૂધ્ધ ૬ ગુના નોંધી કાર્યવાહી કરી હતી. ઉપરાંત કુલ રૂ. ૪૦૫૦૦નો દંડ પણ વસુલ્યો હતો.

# ગુજરાતમાં NRI ડિપોઝીટ ૧ લાખ કરોડને પાર

## વૈશ્વિક અનિશ્ચિતતા, ભારતની ગ્રોથસ્ટોરી, ઉંચા વ્યાજ સહિતના કારણોથી બિનનિવાસી ભારતીયોએ છેલ્લા ચાર વર્ષનુ સૌથી વધુ નાણુ ઠાલવ્યુ



અમદાવાદ તા.૧૯

વિશ્વના અનેક ભાગોમાં યુદ્ધ કે ભૌગોલિક ટેન્શનના માહોલ વચ્ચે પણ ભારતીય શેરબજારમાં છેલ્લા મહિનાઓમા રેકોર્ડબ્રેક તેજી છવાયેલી રહી હતી અને ભારતીયોએ જંગી રોકાણ ઠાલવ્યુ હતું. ભારતીયો જ નહીં, બિનનિવાસી ભારતીયો પણ ભારત પ્રત્યે આકર્ષિત હોય તેમ ગુજરાતમાં એનઆરઆઈ ડિપોઝીટને આંકડો એક લાખ કરોડને પાર થઈ ગયો છે.

સ્ટેટ લેવલ બેંકર્સ કમીટીના રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં બિનનિવાસી ભારતીયોની થાપણ સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં જ એક લાખ કરોડને પાર થઈ ગઈ હતી. જે ગત વર્ષની સરખામણીએ ૧૪ ટકાનો વધારો સૂચવે છે. ચાલુ વર્ષે એનઆરઆઈ ડિપોઝીટનો આંકડો ૧.૦૧ લાખ કરોડ થયો છે તે ગત વર્ષે ૮૯૦૫૭ કરોડ હતો. કમીટીના સીનીયર અધિકારીએ કહ્યું કે, ગત સાલની સરખામણીએ ચાલુ વર્ષે બીનહિસાબી ભારતીયોએ વધુ નાણા મોકલ્યા છે તે પાછળ અનેકવિધ કારણો જવાબદાર છે. વિશ્વસ્તરે અનિશ્ચિતતાનો માહોલ સર્જાયો હોવાને કારણે ભારતીયોએ સુરક્ષા માટે પણ ભારતમાં નાણાં રાખવાનો વ્યુહ અપનાવ્યો છે. આ સિવાય રિયલ એસ્ટેટ જેવા ક્ષેત્રોમાં પણ રોકાણ છે. ભારતીય શેરબજાર સપ્ટેમ્બર સુધી જોરદાર તેજીમાં જ હતુ અને તેમાં પણ એનઆરઆઈનુ રોકાણ હતું. ભારતની વિકાસગાળામાં એનઆરઆઈને ભરોસો હોવાનું સ્પષ્ટ છે. સંપતિ વધારવા માટે તેઓ ભારતમાં રોકાણ વધી રહ્યા છે.

એસોસીએશન ઓફ નેશનલ એકસચેંજ મેમ્બર્સ ઓફ ઈન્ડિયાના ડાયરેકટર વૈભવ શાહે કહ્યું કે કોવિડકાળ બાદ ભારતીય શેરબજારે જોરદાર રિટર્ન આપ્યુ છે અને આવનારા વર્ષોમાં પણ ભારતીય અર્થતંત્રનો ડંકો વાગવાનો આશાવાદ છે.

# ગુજરાતમાં ૨૦૨૫ જનજાતિય ગૌરવ વર્ષ તરીકે ઉજવાશેઃ વિવિધ મહોત્સવ





ગાંધીનગર,તા.૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતા હેઠળ ગાંધીનગર ખાતે મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, આગામી વર્ષ ૨૦૨૫માં ભારતના બંધારણને ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ નિમિત્તે ગુજરાતભરમાં સંવિધાનનો અમૃત મહોત્સવની ઉજવણી કરાશે. સાથે જ, કટોકટીના ૫૦ વર્ષ પૂર્ણ થવા સંદર્ભે પણ ઉજવણી કરવામાં આવશે.

આ ઉપરાંત આવતા વર્ષે એક ભારત, શ્રેષ્ઠ ભારતના વિઝન સાથે ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જયંતીની તેમજ ભારતના પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. અટલ બિહારી વાજપેયીના ૧૦૦માં જયંતી વર્ષની પણ ભવ્ય ઉજવણી કરાશે.

સાથે જ, ભગવાન બિરસામુંડાની ૧૫૦મી જયંતી નિમિત્તે ગુજરાતમાં આગામી વર્ષ ૨૦૨૫ને જનજાતિય ગૌરવ વર્ષ તરીકે ઉજવવાનો નિર્ણય કરાયો હોવાનું પ્રવક્તા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.મંત્રીએ વધુમાં જણાવ્યું કે, આગામી વર્ષે સંવિધાનના અમૃત મહોત્સવ, સરદાર વલ્લભ પટેલની ૧૫૦મી જન્મ જયંતી, અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જન્મ જયંતી તેમજ જનજાતિય ગૌરવ વર્ષની ભવ્યાતિભવ્ય ઉજવણી માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતા હેઠળની સંચાલન સમિતિ તેમજ મુખ્ય સચિવ શ્રીની અધ્યક્ષતા હેઠળ કારોબારી સમિતિની રચના કરાઈ છે.

### નવનિયુકત મ્યુનિ. કમિશ્નર સવારમાં વોર્ડ નં.૧૪ની ઓફિસે બેઠાઃ ઠંડીમાં અધિકારીઓને કરાવ્યું જોગીંગ..

# ફરિયાદ ખરેખર ઉકેલાઇ ગઇ છે ને? કમિશ્નર તુષાર સુમેરા સીધા નાગરિકોના ઘરે પહોંચી ગયા

### લોકોની ફરિયાદોનો રેન્ડમલી રીવ્યુ લેવાનો અભિગમઃ સીધો સંવાદમાત્ર મેસેજમાં ઉકેલાઇ જતી ફરિયાદો પકડવા સૂચના



તસવીરઃ આનંદ સોમૈયા

રાજકોટ, તા.૨૦

સ્માર્ટ સીટી રાજકોટના ૩૪માં કમિશ્નર તરીકે ૧૦ દિવસ પહેલા ચાર્જ લેનાર તુષાર સુમેરાએ હોમગ્રાઉન્ડ રાજકોટમાં નાગરિકોની સુવિધા અને ફરિયાદ નિકાલમાં કોઇ ત્રુટી ન રહે તે રીતની વહીવટી સિસ્ટમ એકટીવ કરવા પ્રયાસો શરૂ કરી દીધા છે. આજે ઠંડી વચ્ચે કમિશ્નર અધિકારીઓની ટીમ સાથે જુદી જુદી શાખાના અધિકારીઓ અને વડા સાથે વોર્ડ નં. ૧૪માં ફર્યા હતા.

મનપામાં નાગરિકથી માંડી ચૂંટાયેલા લોકોની પણ એક કાયમી ફરિયાદ હોય છે કે ઉકેલ લાવ્યા વગર ફરિયાદ નિકાલના મેસેજ આવી જાય છે. આથી કમિશ્નરે નાગરિકના ઘરે જઇને ફરિયાદ નિવારણ અંગે જાતે ખરાઇ કરી હતી અને કરદાતાનો અભિપ્રાય પણ લીધો હતો.

મહાનગરપાલિકા દ્વારા શહેરમાં વિવિધ સ્થળોએ ચાલી રહેલા નાના મોટા તમામ મોટા વિકાસલક્ષી પ્રોજેકટસ નિશ્ચિત સમયમર્યાદામાં પરિપૂર્ણ કરવાના હેતુસર તેમજ નાગરિકો દ્વારા વિવિધ સેવા અંગે સંતોષકારક નિરાકરણ કરવામાં આવે તેવા આશય સાથે આજે કમિશનર તુષાર સુમેરાએ વોર્ડ નં.૧૪ની વોર્ડ ઓફિસ ખાતે વોટર વર્કસ, બાંધકામ, ડ્રેનેજ, રોશની અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની શાખા અધિકારીઓ પાસેથી માહિતી મેળવી હતી.

નાગરિકો દ્વારા કરવામાં આવેલ ફરિયાદોનો અધિકારોઓ પાસેથી રેન્ડમલી રીવ્યુ લેવામાં આવ્યો અને વિવિધ સેવા લગત ફરિયાદ કરનાર રહેવાસીઓ પાસે રૂબરૂ જઇને ફરિયાદ નિવારણ અંગે માહિતી મેળવી હતી. સાથોસાથ સોરાઠીયાવાડી સર્કલ રી-ડેવલપમેન્ટ અંગે એજન્સીના પ્રતિનિધિ સાથે સ્થળ મુલાકાત કરવામાં આવી હતી.

વોર્ડ નં.૧૪ની વોર્ડ ઓફિસ વોટર વર્કસ, બાંધકામ, ડ્રેનેજ, રોશની અને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા લગત કામગીરી અંગે વોર્ડ ઓફિસમાં બેસીને રીવ્યુ મેળવ્યો હતો. વોર્ડના રહેવાસીઓ દ્વારા કરવામાં આવતી ફરિયાદ અંગે અધિકારીઓ-કર્મચારીઓ પાસેથી રિપોર્ટ મેળવી જે નાગરિકની ફરિયાદ ઉકેલાઇ ગઇ છે તે રહેવાસીના ઘરે જઇને રૂબરૂ ફરિયાદ નિવારણ અંગે અભિપ્રાય મેળવ્યો હતો. નાગરિકોને સેવા અને ફરિયાદ ઉકેલના સંતોષ અંગેનું મીટર કમિશ્નરે સાથે રાખ્યાનું અધિકારીઓએ અનુભવ્યું હતું! આ વિઝિટ દરમ્યાન સોરઠીયાવાડી સર્કલ રી-ડેવલપમેન્ટ અંગે એજન્સીના પ્રતિનિધિ સાથે સ્થળ મુલાકાત કરી માહિતી મેળવી હતી.

## બ્યુટીફીકેશન બગાડતા વધુ ૧૩૬૧ બોર્ડ - બેનર જપ્ત





રાજકોટ, તા.૨૦


મનપાની દબાણ હટાવ શાખા દ્વારા તા.૧૦ થી ૧૮ દરમ્યાન જુદા જુદા વિસ્તારમાંથી ૭૭ રેંકડી અને ૧૩૬૧ જેટલા બોર્ડ-બેનર જપ્ત કર્યા છે. કોર્પો.ની ટીમ દ્વારા મવડી, પુષ્કરધામ, ભીમનગર, રામાપીર ચોક, કોઠારીયા, જયુબીલી, ગુંદાવાડી, ગાયત્રીનગર, જામનગર રોડ પરથી ૭૭ રેંકડી કેબીન જપ્ત કરાયા હતા.

રૈયાધાર, પંચાયત ચોક, નાના મવા, કુવાડવા રોડ, હોસ્પિટલ ચોક સહિતના રસ્તેથી ૩૯૭ પરચુરણ ચીજવસ્તુઓ જપ્ત કરાઇ હતી. શહેરના જુદા જુદા વિસ્તારમાંથી રૂા. ૧૭ હજારનો મંડપ કમાન ચાર્જ અને રૂા. ૭૮ હજારનો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

શહેરના કાલાવડ રોડ, યુનિ. રોડ, સાધુ વાસવાણી રોડ, કોઠારીયા રોડ, સંત કબીર રોડ, પેડક રોડ, ભાવનગર રોડ, ઢેબર રોડ, જામનગર રોડ, ટાગોર રોડ, રેસકોર્સ રીંગ રોડ પરથી મંજૂરી વગર આડેધડ થાંભલા, ડીવાઇડર, દિવાલો પર મારી દેવામાં આવેલા ૧૩૬૧ બોર્ડ બેનરો પણ જપ્ત કરવામાં આવ્યાનું વિભાગે જણાવ્યું હતું.

## ગુજરાત રાજયમાં આવેલી ડમી શાળાઓની તપાસ કરી શાળાઓ બંધ કરવા માંગ

### ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડના પૂર્વ સભ્ય ડો. પ્રિયવદન કોરાટ દ્વારા મુખ્યમંત્રીને કરાઇ રજૂઆત




રાજકોટ, તા.૨૦

ગુ. મા. અને ઉ. મા. શિક્ષણ બોર્ડના પૂર્વ સભ્ય ડો. પ્રિયવદન કોરાટ દ્વારા ગુજરાત રાજયમાં આવેલી ડમી શાળાઓની તપાસ કરી આવી શાળાઓ બંધ કરવા અને આ શાળાઓ સામે ગુજરાતના શિક્ષણના વિશાળ હિતમાં જરૂરી કાર્યવાહી કરવા માટે મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી હતી.

રજૂઆતમાં જણાવ્યું છે કે, ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની જાહેર પરીક્ષા પાસ કર્યા બાદ IIT, IIM અને મેડિકલ જેવા ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ મેળવવા માટે ધો. ૧૦ની જાહેર પરીક્ષા પાસ કર્યા બાદ મોટા શહેરોમાં આવા ઉચ્ચ અભ્યાસ માટેના કોચિંગ કલાસ ધો. ૧૧થી જ શરૂ થાય છે.

આથી IIT, IIM અને મેડિકલ જેવા ઉચ્ચ અભ્યાસમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ ધો. ૧૦ પાસ કર્યા બાદ સીધા કોચિંગ કલાસમાં જ પ્રવેશ મેળવે છે, અને આવા વિદ્યાર્થીઓ ડમી શાળાઓમાં ધો.૧૧ વિજ્ઞાન પ્રવાહમાં માત્ર કાગળ ઉપર જ પ્રવેશ મેળવવા માટે તોતિંગ ફી ભરે છે. આવી ડમી શાળાઓમાં શિક્ષકો પણ કાગળ ઉપર જ હોય છે અને આ શિક્ષકો ધો. ૧૨ની જાહેર પરીક્ષાની ઉત્તરવહી ચકાસણી માટે પણ જતાં નથી તેમજ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રેક્ટિકલ પરીક્ષામાં વિદ્યાર્થીઓની પરીક્ષા લીધા વગર પાસ કરી દેવામાં આવે છે.

આ અંગે સંદર્ભિત પત્રથી રજૂઆત કરેલ હતી, જે અન્વયે જિલ્લા મથકે આવી શાળાઓની તપાસ કરવા માટેના આદેશો થયેલ હતા, પરંતુ આ તપાસ યોગ્ય રીતે ન થતાં આજે પણ ડમી શાળાઓ ચાલી રહી છે. આવી શાળાઓની યોગ્ય તપાસ કરી ગુજરાતના શિક્ષણના વિશાળ હિતમાં સત્વરે જરૂરી કાર્યવાહી કરવા માંગ કરવામાં આવી છે.

# શહેર પોલીસ આયોજીત ૪થો વાર્ષિક રમતોત્સવનું સમાપન

## વિજેતા રમતવીર-ટીમોને પોલીસ કમિશ્નરનાં હસ્તે મેડલ-ટ્રોફી એનાયત


તસવીરઃ આનંદ સોમૈયા

રાજકોટ તા.૧૯

રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા તથા અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયાનાઓના માર્ગદર્શન હેઠળ રાજકોટ શહેર પોલીસ પરીવારમાં સદભાવના કેળવાય તેમજ માનસિક અને શારીરિક ફીટનેસ જળવાઈ રહે અને પોલીસ અધિકારી/ કર્મચારીઓ સ્ટેટ અને નેશનલ લેવલે પોલીસનું નામ રોશન કરે તથા રમત ગમતને પ્રોત્સાહન મળે તે હેતુથી તા.૧૪/૧૨થી ૧૮/૧૨ દિન-૫ માટે રાજકોટ શહેર પોલીસ ૪થો વાર્ષિક રમતોત્સવ-૨૦૨૪નું આયોજન કરવામાં આવેલ. આ વાર્ષિક રમતોત્સવ ટ્રેક એન્ડ ફીલ્ડમાં ૯ ઈવેન્ટ, ટીમ ગેમમાં ૬ ઈવેન્ટ અને ઈન્ડોર ગેમ્સમાં ૪ ઈવેન્ટનો સમાવેશ કરવામાં આવેલ છે.જેમાં કુલ ૪ ટીમો બનાવવામાં આવેલ છે. (૧) ડીસીપી ક્રાઈમ (૨) ડીસીપી ઝોન-૧ (૩) ડીસીપી ઝોન-૨ (૪) ડીસીપી (પોલીસ હેડ કવાર્ટર) રાજકોટ શહેર પોલીસના પુરૂષ/મહિલા અધિકારી/ કર્મચારીઓ સહિત આશરે ૪૫૦ જેટલા ખેલાડીઓ ભાગ લીધેલ હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા સહિત તમામ અધિકારીઓ દ્વારા વિજેતા રમતવીરોને મેડલ તેમજ ટ્રાફી એનાયત કરવામાં આવેલ.

આ વાર્ષિક રમતોત્સવની પૂર્ણાહુતિ સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા ઉપસ્થિત રહેલ. જયારે અન્ય અધિકારીઓમાં અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, નાયબ પોલીસ કમિશનર ક્રાઈમ પાર્થરાજસિંહ ગોહિલ, નાયબ પોલીસ કમિશનર ટ્રાફીક પુજા યાદવ, નાયબ પોલીસ કમિશનર ઝોન-૨ જગદીશ બાંગરવા સહિત તમામ એસીપીઓ, પોલીસ ઈન્સ.ઓ ઉપસ્થિત રહેલ હતા. સમાપન સમારંભના સમગ્ર કાર્યક્રમનું સંચાલન એડવોકેટ અતુલભાઈ વી. જોષીએ કરેલ હતું. રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ પોતાના ઉદબોધનમાં જણાવેલ કે રાજકોટ શહેર પોલીસની ચાર ટીમો બનાવવામાં આવેલ.

જે તમામ ટીમોં ઉત્સાહપૂર્વક અને ખેલભાવનાથી રમતમાં ભાગ લીધો એકધારા પાંચ દિવસ સુધી વિવિધ રમતોમાં ઉત્સાહપૂર્વક રમવા બદલ બિરદાવું છું. આ રમતોત્સવમાં કોણ જીત્યુ અને કોણ હાર્યુ તે મહત્વનું નથી પણ ઉત્સાહથી ભાગ લીધો તે મહત્વનું છે.

આ ટુર્નામેન્ટનો મુખ્ય ઉદેશ્ય જ એ હતો કે તમામ ખેલાડીઓ પોતાનું ટેન્શન ભુલીને આ રમતનો આનંદ લે. આ વાર્ષિક રમતોત્સવમાં તમામ ખેલાડીઓ ટીમ ભાવનાથી રમ્યા છે તેવી જ રીતે કોઈપણ પડકારોને રાજકોટ શહેર પોલીસ ટીમભાવના પાર પાડશે તેવો સંકલ્પ લઈશુ તેમ જણાવેલ.

જેઓને મેડલ પ્રાપ્ત થયા તેઓને અને જેમને મેડલ નથી મળ્યા તે બધા જ રમતવીરોને હું અભિનંદન આપુ છું. જે રીતે આ રમતોત્સવમાં પરીવાર ભાવનાથી કાર્ય કર્યુ તે રીતે જ પોલીસ તરીકેની ફરજો પણ સમુહભાવના નિભાવીએ તેવી અપેક્ષા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ વ્યકત કરી હતી. આ હરીફાઈને સફળ બનાવવા રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત વિગેરેનો સહયોગ મળેલ હતો તેમ એસીપી એમ.આઈ. પઠાણની યાદીમાં જણાવ્યું છે.

### રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા

# મંડલ કક્ષાએ ૨૬, ડિસેમ્બર 'વીર બાલ દિવસ' ઉજવવામાં આવશે

## જીલ્લા કક્ષાએ તેમજ જીલ્લાના તમામ મંડલ ઉપર વીર બાલ દિવસ ઉજવવામાં આવશે



રાજકોટઃ દેશના યશસ્વી વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ભારત સરકારે તા. ૯મી જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ ગુરુ ગોવિંદ સિંઘજીના પ્રકાશ પર્વ નિમિત્તે તા. ૨૬મી ડિસેમ્બરના રોજને દસમા શીખ ગુરુ ગોવિંદ સિંઘજીના પુત્રો સાહિબજાદો બાબા જોરાવરસિંઘ અને બાબા ફતેહસિંઘજીની શહાદતની યાદમાં વીર બાલ દિવસ ને રાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવવા અંગેની જાહેરાત કરેલ. આ અંતર્ગત ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ તેમજ ગુજરાત પ્રદેશ કક્ષાએના આદેશ મુજબ રાજકોટ જીલ્લા ભાજપના તમામ મંડલ કક્ષાએ રાજકોટ જીલ્લા ભાજપ સંગઠન પ્રભારીશ્રી ધવલભાઈ દવે તેમજ જીલ્લા અધ્યક્ષશ્રી અલ્પેશભાઈ ઢોલરીયા, રાજકોટ જીલ્લા ભાજપ મહામંત્રીશ્રી નરેન્દ્રસિંહ જાડેજા, શ્રી હરેશભાઈ હેરભા, શ્રી રવિભાઈ માંકડિયાના માર્ગદર્શન હેઠળ જીલ્લા ઈન્ચાર્જશ્રી નવીનપરી ગૌસ્વામી, જીલ્લા સહ- ઈન્ચાર્જશ્રીઓ દેવભાઈ કોરડીયા, શ્રી સુરજભાઈ ડેર, શ્રી રાજુભાઈ ગોંડલીયાની આગેવાનીમાં જીલ્લા કક્ષાએ તેમજ રાજકોટ જીલ્લાના તમામ મંડલ કક્ષાએ વીર બાલ દિવસ ઉજવવામાં આવશે. શીખોના દસમા ગુરુ ગોવિંદ સિંહજીના પુત્રોના સન્માન માટે વીર બાલ દિવસ ઉજવવામાં આવે છે. દર વર્ષે ૨૬મી ડિસેમ્બરને વીર બાલ દિવસ તરીકે ઊજવવામાં આવે છે. આ દિવસે તેમની બહાદુરી અને બલિદાનને યાદ કરવામાં આવે છે. શીખોના દસમા ગુરુ ગોવિંદસિંહજીને ચાર પુત્રો હતા. અજિતસિંહ, જુઝારસિંહ, જોરાવરસિંહ અને ફતેહસિંહ બધા ધર્મરક્ષાનો ભાગ હતા.આ દિવસે સાહિબજાદા જોરાવરસિંહ અને ફતેહસિંહ શહીદ થયા હતા. ૧૬૯૯માં ગુરુ ગોવિંદસિંહજીએ સેનાની રચના કરી હતી.

# ડો.આંબેડકરજી વિષે ગૃહમંત્રીનાં વિધાનનો રાજકોટમાં એન.એસ.યુ.આઈ.દ્વારા વિરોધ


તસવીરઃ આનંદ સોમૈયા

## કોટેચા ચોકમાં દેખાવો કરાયા વિરોધ કરતા કાર્યકરોની અટક

રાજકોટ,તા.૨૦

કેન્દ્રીયગૃહમંત્રીએ તાજેતરમાં ડો.આંબેડકરજી વિષે કરેલા વિધાનનાં વિરોધમાં આજરોજ એન.એસ.યુ.આઈ.દ્વારા વિરોધ પ્રદર્શિત કરાયો હતો. ત્યારે પોલીસે વિરોધ કરતા કાર્યકરોની અટક કરી લીધી હતી.સંસ્થાનાં પ્રેસિડેન્ટ નરેન્દ્ર સોલંકીનાં જણાવ્યા મુજબ ભાજપ આરએસએસ અને તેમના નેતાઓ અને ગૃહમંત્રીના મગજમાં ડો.આંબેડકર પ્રત્યે કેટલી નફરત છે.તે જોઈ શકાય છે. ડો.બાબા સાહેબ આંબેડકરએ ગરીબો/દલિતો/ વંચિતો અને મહિલાઓ સૌને સમાન હક આપવ્યો છે.બાબા સાહેબ ફક્ત એક સમાજના જ નહિ ભારતદેશના નેતા છે. બાબા સાહેબએ આ દેશને બંધારણ આપ્યું છે. તેમનું અપમાન એ સમગ્ર દેશનું અપમાન ગણાય ભારતીય જનતા પાર્ટી વર્ષોથી બાબા સાહેબ અને બંધારણ વિરોધી છે જે આ પ્રકારના નિવેદન થી દેખાઈ આવે છે.પહેલા બંધારણ બદલવાની વાત અને હવે બાબા સાહેબનું અપમાન આ બાબતો સ્પષ્ટ કરે છે. કે ભારતીય જનતા પાર્ટી અને આરએસએસએ બાબા સાહેબને કેટલી નફરત કરે છે. જે વ્યકિતએ દેશના લોકોને હક ન્યાય અને સમાનતા અપાવવા હંમેશા આગળ રહ્યા તે જ વ્યકિતનું અપમાન કહી સહન કરી શકાય નહિ.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# દસ્તાવેજ કૌભાંડમાં પ્યાદાઓ નહીં પણ મુખ્ય સુત્રધાર સુધી પહોંચવા તપાસઃ કલેકટર

## કૌભાંડોની ફરિયાદો પ્રત્યે પણ લક્ષ્ય તમામ સબ રજિસ્ટ્રાર કચેરીને CCTV કેમેરાથી સજ્જ કરવા અને કોન્ટ્રાકટ બેઈઝ કર્મચારીઓની છ – છ માસે બદલી કરવા આદેશ અધિકારીઓની ગેરરીતિ પકડાશે તો તેની સામે પણ કાર્યવાહી

રાજકોટ,તા.૨૦

ચકચારી બોગસ દસ્તાવેજ કૌભાંડના મામલે રાજકોટ જીલ્લા કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે, આ કૌભાંડમાં પ્રાંત-૧ અધિકારી અને તેમની તપાસનીશ ટીમ દ્વારા તપાસણી કરવામાં આવી રહી છે. જેમાં પ્યાદાઓ નહીં પણ મુખ્ય સુત્રધાર સુધી પહોંચવા માટે તપાસ આગળ ધપાવવામાં આવી રહી છે.

બોગસ દસ્તાવેજ કૌભાંડમાં તેઓને ગેરરીતિની કેટલીક ફરીયાદો મળી છે. દસ્તાવેજમાં કરાયેલી છેડછાડ અંગે મુખ્ય સુત્રધાર સુધી પહોંચી તેઓની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. તેઓએ વિશેષમાં જણાવ્યું હતું કે, આ કૌભાંડમાં કર્મચારીઓ પણ મોટા માથાઓ સુધી પહોંચવા માટે તપાસનો દોર



લંબાવવામાં આવેલ છે.

આ કૌભાંડ બહાર આવ્યા બાદ તાબડતોબ જીલ્લાની તમામ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં સીસી ટીવી કેમેરા નાખવા તેમજ આ કચેરીઓમાં ફરજ બજાવતા કર્મચારીઓની છ-છ મહિને બદલી કરી દેવા માટે પણ એજન્સીઓ અને સબ રજીસ્ટ્રાર કચેરીઓના અધિકારીઓને સુચના આપી દેવામાં આવી છે. અહીં ઉલ્લેખનીય છે કે, સબ રજીસ્ટ્રાર કચેરીમાં ૧૭ જેટલા દસ્તાવેજો સાથે છેડછાડ આચરી કૌભાંડ આચરાયાનું બહાર આવતા આ પ્રકરણમાં ઝોન-૧ સબ રજીસ્ટ્રાર કચેરીના અધિકારી દ્વારા પોલીસમાં ફરીયાદ દાખલ કરાતા પોલીસ દ્વારા તલસ્પર્શી તપાસ હાથ ધરવામાં આવી રહી છે. રાજકોટ શહેર જીલ્લામાં ખળભળાટ મચાવતા આ કૌભાંડમાં પોલીસની સાથે વહીવટી તંત્રે પણ તપાસમાં ઝુકાવ્યું છે.કલેકટર પ્રભવ જોશીએ આજે એવું પણ જણાવ્યું હતું કે, બોગસ દસ્તાવેજ કૌભાંડમાં સબ રજીસ્ટ્રાર કચેરીના કર્મચારીઓ અને અધિકારીઓની જો સંડોવણી ખુલશે તો તેની સામે પણ પગલા લેવામાં આવશે. આગામી ટુંક સમયમાં આ પ્રકરણમાં મુખ્ય સુત્રધાર સુધી પહોંચી કડક પગલા લેવાનો તેઓએ નિર્દેશ આપી દીધો હતો.

બોગસ દસ્તાવેજ કૌભાંડના મામલે કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે મવડી અને રૈયાની જમીનના દસ્તાવેજ કૌભાંડના બે કેસમાં સુઓમોટો દાખલ કરી નોંધ રદ્દ કરવામાં આવશે. અહીં એ ઉલ્લેખનીય છે કે, મવડીની જમીનના કેસમાં સ્ટેટ સમયના લેખમાં છેડછાડ કરવામાં આવ્યાનું ખુલ્યું છે જેના પગલે ખળભળાટ મચી ગયો છે. આ મામલે રાજય સરકાર સુધી પણ ફરીયાદ પહોંચતા સરકાર દ્વારા પણ ગંભીર નોંધ લેવામાં આવી છે.દરમ્યાન જીલ્લા કલેકટર પ્રભવ જોશીએ પણ આ કૌભાંડ સામે લાલ આંખ કરી ઉપરોકત બન્ને કેસમાં સુઓમોટો દાખલ કરી પાડેલી નોંધ રદ કરવા માટે નિર્દેશ આપી દીધો છે.

### રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા

# તા.૨૫ ડિસેમ્બર શ્રદ્ધેયશ્રી અટલ બિહારી વાજપેયીના જન્મદિવસ નિમિત્તે સુશાસન દિવસ તરીકે ઉજવવામાં આવશે

## જિલ્લાના તમામ તાલુકા મંડલો ઉપર અટલજીના ફોટાને પુષ્પાંજલિ અર્પણ તથા સેવાકીય કાર્યો કરવામાં આવશે

રાજકોટ,તા.૨૦

ગુજરાત પ્રદેશા ભારતીય જનતા પાર્ટીના યશસ્વી અધ્યક્ષ આદરણીયશ્રી સી.આર. પાટીલજી, પ્રદેશ સંગઠન મહામંત્રી આદરણીય શ્રી રત્નાકરજી, રાજકોટ જીલ્લા પ્રભારીશ્રી ધવલભાઈ દવેના માર્ગદર્શન મુજબ રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા રાજકોટ જીલ્લા પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, જિલ્લા મહામંત્રીશ્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, શ્રી હરેશભાઈ હેરભાની રાહબરી હેઠળ તેમજ આ સુશાસન દિવસ કાર્યક્રમના જીલ્લા ઇન્ચાર્જ શ્રી રવિભાઈ માંકડિયા, શ્રી વલ્લભભાઈ ઝાપડિયા, શ્રી જયભાઈ સાગઠીયા, શ્રી બીપીનભાઈ સાવલિયાને જવાબદારી સાથે તારીખ ૨૫ ડિસેમ્બર ભારત રત્ન પૂર્વ પ્રધાનમંત્રીશ્રી શ્રહેયશ્રી અટલબિહારી બાજપાઈજીની જન્મ-જયંતીના દિવસે સુશાસન દિવસ તરીકે ઉજવવામાં આવરો. આ પ્રસંગે રાજકોટ જિલ્લા કક્ષાએ તેમજ જિલ્લાના તમામ મંડલો ઉપર






વિવિધ સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. તારીખ ૨૫ ડિસેમ્બરના રોજ ભારતીય જનતા પાર્ટી દ્વારા સંગઠનના બુથ સહ નીચે મુજબનું કાર્યક્રમના આયોજન કરવામાં આવેલ છે. રાજકોટ જિલ્લાના તમામ તાલુકાના બૂથોમાં શ્રદ્ધેયશ્રી અટલજીના ફોટાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે અને શ્રદ્ધેયશ્રી અટલજીના અદભુત વ્યક્તિત્વ અને કતૃત્વ પર વક્તવ્ય આપવામાં આવશે. આ પ્રસંગે માન. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં થયેલા વિકાસ કાર્યોની માહિતી લોકોને આપવામાં આવશે સાથે શ્રદ્ધેયશ્રી અટલજીની કવિતાનું કાવ્ય પઠન કરવામાં આવરો. ઉપરાંત સરકારી હોસ્પિટલમાં જરૂરિયાતમંદ લોકોને ફૂટ વિતરણ, રક્તદાન શિબિર યોજવામાં આવરી. આ સુશાસન દિવસને ઉજવવા રાજકોટ જીયા ભાજપના હોદ્દેદારો, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, જથામાં રહેતા પ્રદેશ સ્તરના હોદેદારો, મંડલના પ્રમુખ-મહામંત્રીશ્રીઓ, જલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાના ચૂંટાયેલા પ્રતિનિધિશ્રીઓ, જીલ્લા મોરચાના પદાધિકારીઓ, શક્તિકેન્દ્રના પ્રભારી, ઇન્ચાર્જ, સહ-ઇન્ચાર્જશ્રીઓ, બુથ સુધીના તમામ કાર્યકર્તાઓ દ્વારા બુથ સ્તર સુધી સુ-શાસન દિવસની વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવવામાં આવશે. તેમ રાજકોટ છ્થા પ્રેસ મીડિયા ઇન્ચાર્જશ્રી રાજેરાભાઈ ગોંડલીયા અને સહ-ઇન્ચાર્જશ્રી પ્રકાશભાઈ સોલંકીની યાદીમાં જણાવે છે.

# મનપાની વેરા વસુલાત ઝુંબેશમાં; મિલ્કતો સીલ

### ૧૦ નળ કપાત ૭ને ટાંચ જપ્તીની નોટીસ રૂા.30.૫૧ લાખની રીકવરી



રાજકોટ, તા.૨૦

રાજકોટ મનપાની વેરા વસુલાત ઝુંબેશમાં આજે વધુ ૧૯ મિલ્કતો સીલ કરવા સાથે ૭ મિલ્કતોને ટાંચ જપ્તીની નોટીસ, ૧૦ નળ કપાત સાથે રૂા.30.૫૧ લાખની રીકવરી કરવામાં આવી હતી.ગાંધીગ્રામ, રૈયા રોડ, મોરબી રોડ, પેડક રોડ, ગોંડલ રોડ, ઢેબર રોડ, થોરાળા, ભાવનગર રોડ સહિતના વિસ્તારો બાકી વેરાની વસુલાતમાં જયગુરુદેવ પાર્ક, ખોડીયાર પાર્ક, અમૃત પાર્ક, પેડક રોડ, અલ્કા પાર્ક સોસાયટી, મારૂતિનગર મેઈન રોડ, સિદ્ધિ વિનાયક પાર્ક, આરાધના સોસાયટીમાં ૧૦ નળ કનેક્શન કપાત કર્યા હતા.

અલગ-અલગ વોર્ડમાં અનેક સ્થળોએ બાકીદારોએ સ્થળ બાકી માંગણું રોકડ-ચેકથી ભરપાઈ કર્યું હતું. અન્ય બાકી માંગણા સામે ૭ મિલ્કતોને ટાંચ જપ્તીની નોટીસ આપવામાં આવી હતી. આજે બપોરના ૧ કલાક સુધીમાં ૧૯ મિલ્કતોને સીલની કાર્યવાહીમાં ૭ મિલ્કતોને સીલ કરેલ હતી. ૭ મિલ્કતોને ટાંચ જપ્તીની નોટીસ આપેલ. ૧૦ નળ કનેકશન કપાત સાથે રૂા.30.૫૧ લાખની રીકવરી થઇ હતી. તા.૧-૪-૨૪થી આજ દિન સુધીમાં રૂા.૩૨૫.૪૭ કરોડની રિકવરી થઇ છે. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.



તસવીરઃ આનંદ સોમૈયા

# રાજકોટના વોર્ડ નં.૭, ૮ અને ૧૪ને પણ અશાંતધારામાં સમાવો: હિન્દુ ધાર્મિક સ્થળો આસપાસ વિધર્મીઓના પગપેસારાનો આક્ષેપ

## વેપારીઓ સાથે કલેકટર કચેરી ખાતે દોડી આવતા ધારાસભ્યઃ હિન્દુ દેવસ્થાનોની આસપાસ મુસ્લિમ સમાજના કેટલાક સદસ્યો મકાનો લઈ બિનઅધિકૃત પ્રવૃત્તિઓ કરતા હોવાની ફરિયાદ

રાજકોટ,તા.૧૯

રાજકોટ પશ્ચિમ વિસ્તારમાં અશાંત ધારાનો ભંગ થઈ રહ્યાની તાજેતરમાં ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહે જીલ્લા કલેકટરને કરેલી ફરીયાદ બાદ શહેરના વોર્ડ નં.૭,૮ અને ૧૪ના વિસ્તારોમાં પણ અશાંત ધારાનો અમલ કરવાની માંગણી સાથે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, આ વિસ્તારના વેપારીઓ અને નગરજનો સાથે કલેકટર કચેરી ખાતે ઉમટી પડી આ અંગે કલેકટર પ્રભવ જોશી સમક્ષ રજૂઆત કરી હતી.

જેમાં વોર્ડ નં.૭,૮ અને ૧૪ના પ્રહલાદ પ્લોટ, કરણપરા, વર્ધમાનનગર, સોની બજાર, જયરાજપ્લોટ, લક્ષ્મીવાડી, લક્ષ્મીનગર, દિવાનપરા, ગુંદાવાડી, રાધાનગર, નંદકિશોર, કૃષ્ણનગર, અનુપમાનગર, રાજનગર, સહિતના વિસ્તારોમાં અશાંત ધારો લાગુ કરવા રજુઆત કરવામાં આવી હતી.

આમ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા અને વેપારીઓએ જણાવ્યું હતું કે, ઉપરોકત ત્રણેય વોર્ડમાં અશાંત ધારા લાગુ કરવા માટે છેલ્લા એક વર્ષથી રજૂઆતો કરવામાં આવી રહી છે. જેમાં ૧૦ વખત કલેકટરને મળી આ મામલે રજૂઆત કરાયેલ છે. પરંતુ હજુ સુધી કોઈપણ જાતની કાર્યવાહી કરવામાં આવી ન હોય આ વિસ્તારના પ્રજાજનોમાં ભારે નારાજગી ફેલાયેલ છે.

આ વિસ્તારમાં મુસ્લીમ સમાજના કેટલાક સદસ્યો દ્વારા સ્વામિનારાયણ મંદિર, હવેલી, દેરાસર, સહિતના ધાર્મિક સ્થાનો પર મકાનો ખરીદી બીનઅધિકૃત પ્રવૃતીઓ કરી રહ્યા હોવાનો પણ વેપારીઓએ આક્ષેપ કર્યો હતો. આ ઉપરાંત હિન્દુ સમાજના સદસ્યોના મકાન પાસે અમુક શખ્સો ઈંડા અને નોનવેજની લારીઓ ઉભી રાખી તેનો કચરો રોડ પર ફેંકતા હોય હિન્દુ સમાજની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી રહી છે.

**થોડા સમય પહેલા રાજકોટ પશ્ચિમ વિસ્તારમાં અશાંત ધારાનો ભંગ થઈ રહ્યાની ધારાસભ્ય દર્શિતાબેન શાહે કલેકટરને ફરીયાદ કરી હતી જે બાદ કલેકટર તંત્ર એકશનમાં આવી તપાસ શરૂ કરી છે**

ઈંડાની લારીનો કચરો જાહેર રોડ પર ફેંકાતો હોય આ અંગે પગલા લેવા મ્યુનિ. કોર્પોરેશનને પણ અગાઉ રજૂઆત કરવામાં આવી હતી. પરંતુ હજુ સુધી કોઈ પગલા લેવામાં આવેલ નથી. ત્યારે ઉપરોકત ત્રણેય વોર્ડમાં અશાંત ધારો લાગુ કરવાની માંગણી ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા તેમજ વિશાલભાઈ માંડલીયા, સુભાષભાઈ સહિતના વેપારીઓએ દોહરાવી હતી.

અહીં એ ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલા રાજકોટ પશ્ચિમ વિસ્તારમાં અશાંત ધારાનો ભંગ થઈ રહ્યાની ધારાસભ્ય દર્શિતાબેન શાહે કલેકટરને ફરીયાદ કરી હતી જે બાદ કલેકટર તંત્ર એકશનમાં આવી તપાસ શરૂ કરી છે.

જેમાં મુસ્લીમ સમાજના સદસ્યો હિન્દુ સમાજની વ્યકિતઓના નામે મકાન ખરીદી વસવાટ કરતા હોવાની ફરીયાદ અંગે પોલીસે પણ આવા વિસ્તારોમાં રૂબરૂ પહોંચી તપાસણી કરી હતી. જે બાદ ધારાસભ્ય રમેશ ટીલાળાએ પણ વોર્ડ નં.૭,૮ અને ૧૪માં અશાંત ધારો લાગુ કરવા માટે વેપારીઓ સાથે કલેકટરને રજૂઆત આજે કરી હતી.

### બાકી બેન્ક લોનનાં કિસ્સામાં મિલ્કતનો કબ્જો લેવા ગયેલા

# પૂર્વ મામલતદારનાં સ્ટાફ સાથે માથાભારે બાકીદારનું ઘર્ષણ!

## પોલીસની હાજરીમાં જ ફરજમાં રૂકાવટ કરી અને ધમકી આપી પી.સી.આર.વાન બોલાવવી પડીદૂધસાગર રોડ ઉપર આર.એમ.સી.નાં કવાર્ટરમાં, બનેલી ઘટના



રાજકોટ,તા.૨૦

સિકયુરાઈઝેશન એકટહેઠળ બાકી બેન્ક લોનનાં કિસ્સામાં આજે બપોરે દુધસાગર રોડ, ઉપર આવેલ આર.એમ.સી.નાં કવાર્ટરમાં મિલ્કતનો કબ્જો લેવા ગયેલા રાજકોટ શહેર પુર્વ મામલતદારનાં સ્ટાફ અને બેન્ક સતાવાળાઓ સાથે માથાભારે બાકીદાર અને તેનાં પુત્રોએ પોલીસની હાજરી માં જ ભારે માથાકુટ કરી ઘષણ કર્યું હતું.અને ધમકી આપી હતી.

આથી પુર્વ મામલતદાર કચેરીનાં સ્ટાફે તાત્કાલિક થોરાળા પોલીસમાં ફોન કરી અને પી.સી.આર.વાન બોલાવવાની ફરજ પડી હતી. ત્યારેમાં મિલ્કતનો કબ્જો લઈ શકાયો હતો. તેમ પુર્વ મામલતદાર, કચેરીના સર્કલ ઓફીસર સત્યમ શેરશીયાએ એક વાતચિત દરમ્યાન જણાવેલ હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે તા.૧૯ના રોજ રાજકોટ કલેકટર પ્રભવ જોશી અને પ્રાંત અધિકારી રાજકોટ શહેર -૧ ના માર્ગદર્શન હેઠળ મામલતદારશ્રી એસ. જે. ચાવડા, મામલતદાર, રાજકોટ શહેર(પૂર્વ) ની સૂચના મુજબ સત્યમ શેરસીયા, સર્કલ ઓફિસર દ્વારા ધી સિક્યુરાઈઝેન એક્ટ હેઠળ મિલકત નો કબ્જો લીધો. તેના માટેની નોટિસ તા.૨૨ડી. આર. પુરોહિત, નાયબ મામલતદાર દ્વારા તૈયાર કરી મામલતદાર, રાજકોટ શહેર(પૂર્વ) ની સહી કરી બજવેલ હતી.

રાજકોટ નાગરિક સહકારી બેંક લી. દ્વારા મંજુરઆલમ રહેમતુલ્લાન શેખસીદીકીની રાજકોટ શહેરના દૂધસાગર રોડ ઉપર આવેલ રીધ્ધી સિદ્ધિ હા. સો. શેરી નં.-૪ મા સીટી સર્વે વોર્ડ નંબર ૧૨, ટીપી સ્કીમ નંબર ૭ એફપી નંબર ૮૭,૯૧ તથા ૯૪, રેવન્યુ સર્વે નં.૧૬૭ તથા ૧૬૮ પૈકીના ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા બનાવવામાં આવેલ ૩૦૯ એમ.આઈ.જી. ડેરી લેન્ડ સ્કીમ હેઠળ બનાવવામાં આવેલ ફ્લેટસ પૈકી ફ્લેટ નંબર એમ-૧૦૪૧ જેનું ક્ષેત્રફળ ચો.મી.૪૮-૨૯ જેના બીલ્ટઅપ એરીયા ચો.મી. ૩૧.૮૯ ઉપર આવેલ મકાનનો કબજો આજરોજ ધી સિક્યુરાઈઝેન એક્ટ હેઠળ મિલકત નો કબ્જો લઈ બેન્કના અધિકૃત અધિકારીને સોપવામાં આવ્યો હતો.

મિલકત ઉપર તા. ૩૧/૦૮/૨૦૧૭ સુધીની બાકી પડતી લહેણી રકમ રૂ. ૬,૪૬,૭૦૨-૦૦ પૈસા અને ત્યારબાદના ચડત વ્યાજની રકમની વસુલાત માટે કબજો લેવામાં આવ્યો.

બાકીદાર મંજુરઆલમ રહેમતુલ્લાન શેખસીદીકીના પુત્રો તથા સામાજિક કાર્યકર દરવાન નજમાબેન દ્વારા ચાલુ વિડીયો શૂટિંગ દરમ્યાન બેંક ના અધિકૃત અધિકારી અને મામલતદાર ઓફિસના સ્ટાફ સાથે ઘરસણ કરવામાં આવેલ અને અપશબ્દો પણ બોલવામાં આવેલ તેમ છતાં સર્કલ ઓફિસર દ્વારા મિલક્ત નો કબજો લઇ બેંક ના અધિકૃત અધિકારીને સોંપી આપેલ છે.

# રૂપિયામાં ૮૪.૯૬નું નવું તળિયુંઃ ડોલર સામે ચીનની કરન્સી ૧૩ માસના તળિયે



મુંબઈ મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવમાં આગેકૂચ ચાલુ રહેતાં રૂપિયામાં વધુ ધોવાણ જોવા મળ્યું હતું. શેરબજારમાં ઘટાડાની ચાલ લતથા ડોલરનો આઉટરલો વધી રહ્યાના સંકેતો વચ્ચે સકરન્સી બજારમાં રૂપિયા પર દબાણ વધ્યાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. ડોલરના ભાવ રૂ.૮૪.૯૧ વાળા આજે સવારે રૂ.૮૪.૯૧ ખુલ્યા પછી ભાવ વધી ઉંચામાં રૂ.૮૪.૨૬ની નવી ટોચ બતાવી છેલ્લે બંધ ભાવ રૂ.૮૪.૯૫ રહ્યા હતા. અમેરિકામાં ફેડરલ રિઝર્વની મિટિંગ પર બજારની નજર રહી હતી. વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ આંચકા પચાવી ફરી વધી આવતાં તેની અસર પણ કરન્સી બજારમાં રૂપિયા પર નેગેટીવ જોવા મળી હતી.

જાપાનની સેન્ટ્રલ બેન્કની મિટિંગ પર પણ ખેલાડીઓની નજર રહી હતી. અમેરિકામાં રિટેલ સેલના આંકડા અપેક્ષા કરતાં સારા આવ્યાના સમાચાર હતા. અમેરિકાના નવા પ્રમુખ ટ્રમ્પે ભારત સામે ટેરીફનું શસ્ત્ર ઉગામશે એવા સંકેતો આપતાં તેની અસર પણ રૂપિયા પર દેખાઈ હતી. જાપાનથી નિકાસ વધ્યાના વાવડ હતા.

બેન્ક ઓફ ઈંગ્લેન્ડની મિટિંગ ગુરૂવારે મળવાની છે તેની રાહ પણ બજારમાં જોવાઈ રહી હતી. વિશ્વ બજારમાં ડોલર સામે ચીનની કરન્સી ઘટી ૧૩ મહિનાના તળિયે ઉતર્યાના સમાચાર હતા. દરમિયાન, ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ નીચામાં ૧૦૬.૮૨ તથા ઉંચામાં ૧૦૭.03 થઈ ૧૦૭ રહ્યાના નિર્દેશો હતા.

# આર્થિક અનિશ્ચિતતા વચ્ચે હીરાની નિકાસ ૪0% ઘટી

મુંબઈઃ વર્તમાન વર્ષના નવેમ્બરમાં દેશમાંથી જેમ એન્ડ જ્વેલરીની નિકાસ વાર્ષિક ધોરણે ૧૩ ટકા ઘટી રૂપિયા ૧૬૭૬૩.૧૩ કરોડ રહી હતી. ગયા વર્ષના નવેમ્બરમાંઆંક ૧૯૦૦૫.૪૬ કરોડ રહ્યો હતો એમ જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (જીજેઈપીસી)ના ડેટા જણાવે છે. હીરાની નિકાસમાં ૪૦ ટકા ગાબડું જોવા મળ્યું છે. જો કે ઊંચા ભાવને કારણે ગોલ્ડ જ્વેલરીનો નિકાસ આંક ઊંચો જોવા મળ્યો છે.



આંતરરાષ્ટ્રીય બજારમાં આર્થિક અનિશ્ચિતતાને કારણે માગમાં અસ્થિરતા જોવા મળી રહી છે જેની અસર વેપાર પર પડી છે. દેશમાંથી કટ તથા પોલિશ્ડ હીરાની નિકાસ પણ ૪૦ ટકા જેટલી ઘટી રૂપિયા ૫૬૨૨.૧૧ કરોડ રહી હતી જે ગયા વર્ષના નવેમ્બરમાં રૂપિયા ૯૨૧૭.૮૮ કરોડ જોવા મળી હતી.

રફ હીરાની કુલ આયાત ૨૧ ટકા ઘટી રૂપિયા ૫૮૨૨૩.૩૬ કરોડ રહી હતી, જે ગયા વર્ષના નવેમ્બરમાં રૂપિયા ૭૨૬૮૪ કરોડ રહી હતી એમ કાઉન્સિલના સુત્રોએ જણાવ્યું હતું.

વૈશ્વિક સ્તરે આર્થિક અનિશ્ચિતતાને પરિણામે ગ્રાહકો હીરાની ખરીદીમાં સાવચેતી ધરાવી રહ્યા છે. આમપણ હીરામાં ઈન્વેસ્ટમેન્ટસ માગ નબળી રહે છે, કારણ કે તેમાં રોકાણ પર ખાસ ઉપજ થતી નથી.આંતરરાષ્ટ્રીય બજારમાં હીરાની ક્રિસમસને લગતી માગ સામાન્ય રીતે સપ્ટેમ્બર-ઓકટોબરમાં જોવા મળતી હોય છે. ગોલ્ડ જ્વેલરીની નિકાસ ૪૦.૫૦ ટકા જેટલી નોંધપાત્ર વધી રૂપિયા ૯૫૫૮.૪૪ કરોડ રહી છે જે ગયા વર્ષના નવેમ્બરમાં રૂપિયા ૬૭૧૨.૫૩ કરોડ જોવા મળી હોવાનું પણ કાઉન્સિલના ડેટા જણાવે છે. સોનાના ઊંચા ભાવને કારણે નિકાસ આંક ઊંચો જોવા મળી રહ્યો છે. આર્થિક અનિશ્ચિતતા વચ્ચે આમપણ સોનામાં રોકાણ માટે આકર્ષણ રહે છે. અનિશ્ચિત સમયમાં ગોલ્ડ ઈન્વેસ્ટમેન્ટ સેફ હેવન માનવામાં આવે છે. હાલની ભૌગોલિકરાજકીય તાણ દેશના જેમ એન્ડ જ્વેલરી ઉદ્યોગ માટે ચિંતાનો વિષય બની રહ્યો હોવાનું કાઉન્સિલના એક હોદ્દેદારે જણાવ્યું હતું.

# ચકચારી ભાસ્કર-પરેશ અપહરણનો કેસ પૂર્ણતાના આરે

## ૨૫ વર્ષ જૂના કેસમાં સરકાર પક્ષે સાક્ષી તપાસવાનું કાણ પૂર્ણ, આજે આરોપીઓના સ્ટેટમેન્ટ લેવાશે

રાજકોટઃ ૨૫ વર્ષ જૂના ચકચારી ભાસ્કર પરેશ અપહરણ કેસમા સરકાર તરફેથી કુલ ૫૬ સાહેદો તપાસી કલોઝીંગ પુરશીશ આપી સાક્ષીઓ તપાસવાનુ પૂર્ણ થયાનુ જાહેર કરતા આજરોજ તમામ આરોપીઓનુ સ્ટેટમેન્ટ (એફ.એસ.) નોંધવા માટેની મુદત મુકરર કરવામા આવેલ જેથી એફ.એસ. પૂર્ણ થયા બાદ બંને પક્ષેની દલીલો અને બાદ ચુકાદો ૨૫ વર્ષ જૂનો ભાસ્કર પરેશ અપહરણ કેસ પુર્ણતાના આરે પહોચેલ છે.




રાજકોટના રહીશ પરેશ લીલાધર શાહ તથા ભાસ્કર પ્રભુદાસ પારેખનુ વર્ષ ૨૦૦૦ના અરશામા ખંડણી વસુલવા અપહરણ કરવામા આવેલ જે સબંધે તા.૨૭.૧૧.૨૦૦૦ ના અરશામા રાજકોટ શહેર માલવીયા નગર પોલીસ સ્ટેશનમા પરેશ લીલાધરભાઈ શાહ દ્વારા આપવામાં આવેલ ફરીયાદ આધારે તપાસ દરમીયાન છેક વિદેશ સુધી અપહરણકારોના મુળ નીકળતા તે સબંધોના પોલીસ કમીશ્નરની કુનેહભર્યા પ્લાનીંગથી ભાસ્કર તથા પરેશને આબાદ રીતે અપહરણકારોની ચુંગાલમાથી મુક્ત કરાવવામા આવેલ અને સબંધીતોની ધરપકડ કરવામાં આવેલ અને જેમ જેમ આરોપીઓ પકડાતા ગયેલ તેમ તેમ તેઓ વિરૂધ્ધ નામદાર અદાલતોમા ચાર્જસીટ ફાઈલ કરવામા આવેલ અને તબકકે તબકકે તે કેસો નામદાર સેસન્સ અદાલતમા કમીટ કરવામા આવેલ છે.

તમામ સપ્લિમેન્ટરી ચાર્જસીટ વાળા સેસન્સ કેસો એક સાથે સામેલ કરી રાજકોટના એડી. સેસન્સ જજ ડી.એસ. સીંઘ સાહેબની કોર્ટમા કેસ ટ્રાન્સફર કરવામા આવતા કેસ ઘણો જુનો હોય આરોપીઓ તરફેથી કેસ ઝડપી ચલાવવા રજુઆતો કરવામા આવેલ કારણ કે આરોપીઓ જુદા જુદા જીલ્લા અને રાજયમાથી આવતા હોય કેસ ચાર્જફ્રેમ કરી ચલાવવા પર લેવામા આવેલ જેમા ચાર્જસીટમા રહેલ ૩૩૩ સાહેદોમાથી સરકાર તરફેથી મહત્વના કુલ ૫૬ સાહેદોને તપાસી વધુ સાહેદો તપાસવા માગતા ન હોય કલોઝીંગ પુરશીશ આપી સાહેદો તપાસવાનુ પુર્ણ થયાનુ જાહેર કરતા આજરોજ આરોપીઓના સ્ટેટમેન્ટ (એફ.એસ.) માટે મુદત મુકરર કરવામા આવેલ જેમા કુલ ૪૭ આરોપીઓ હોય જે પૈકી ૩ ભાગેડુ આરોપીઓ હોય અને કુલ ૧૧ આરોપીઓ ગુજરી ગયેલ બાકીના આરોપીઓ વિરૂધ્ધ કેસ ચલાવવામા આવેલ હોય જેઓનુ આજરોજ એફ.એસ. નોંધવામા આવતા હવે પછી દલીલ માટેની આજરોજ તારીખ મુકરર કરવામા આવશે.


નવી તારીખ મુકરર થતા ૨૫ વર્ષ જુના કેસનો ટુંક સમયમા ન્યાયીક નીર્ણય થવાની સંભાવનાઓ રહેલ છે. ઉપરોક્ત કેસમા આરોપીઓ તરફે રાજકોટના નામાંક્તિ એડવોકેટો લલીતસીહ શાહી, પી.એમ.શાહ, સુરેશ ફળદુ, કે.એન.શાહ, રોહીત ઘીયા, પી.એમ. જાડેજા, આર.બી.ગોગીયા, કીરીટ નકુમ, બી.જે.બોરીચા વગેરે રોકાયેલ છે.

# શેરબજારમાં સેકન્ડરી માર્કેટમાં મંદી પરંતુ પ્રાઈમરી માર્કેટમાં જોરદાર તેજી

### દસ કરોડ રૂપિયાના આઇ.પી.ઓ માં ૧૪૩૮૫ કરોડ રૂપિયા નુ ભરણું મળ્યું: અનેક આઇ.પી.ઓ ની વણઝાર સાથે ખૂબ જ ઊંચા લિસ્ટિંગ થઈ રહ્યા છે

શેર બજારમાં જોરદાર મંદી ચાલી રહી છે.દરરોજ સેન્સેક્સ અને નિફ્ટી માં ઘટાડો થઈ રહ્યો છે. ત્યારે બીજી બાજુ પ્રાઇમરી માર્કેટમાં મોટી તેજી થઈ રહી છે.આમ,શેર બજારમાં સેકન્ડરી માર્કેટ અને પ્રાઇમરી માર્કેટમાં સામસામા રાહ છે.હાલમાં મેઈન બોર્ડના પાંચ આઇ.પી.ઓ સબસ્ક્રીપ્શન માટે ખુલ્લા છે. તો નવા ચાર મેઈન બોર્ડ આઇ.પી.ઓ પણ આવતા સપ્તાહ સુધીમાં આવી રહ્યા છે.NACDAC ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ ના એસ.એમ.ઇ આઇ.પી.ઓ ને ૧૦ કરોડ ના ઇસ્યુ ની સામે ૧૪,૩૭૨ કરોડ નું ભરણું મળ્યું છે.આ એસ.એમ.ઇ આઇ.પી.ઓ કુલ ૨,૨૦૦ ગણો ભરાણો છે.રિટેલ રોકાણકારો દ્વારા ૮,૨૦૦ કરોડ રૂપિયા ઠાલવામા આવ્યા છે. એચ.એન.આઇ કેટેગરી ૪,૦૦૦ ગણા થી વધુ ભરાણો છે.

ફેડ રિઝર્વના ચેરમેનની સ્પીચ પછી



બજારમાં કડાકો બોલાઈ ગયો છે.૨૦૨૫ માં ફક્ત બે જ રેટ કટ આવશે . આ વાત બજારને ગમી નથી. જ્યારે પ્રાઇમરી માર્કેટ સેકન્ડરી બજારની મંદીને અવગણીને ખૂબ ઊંચા પ્રીમિયમ થી નવા આઇ.પી.ઓને લિસ્ટિંગ કરાવી રહ્યું છે. શેર બજારમાંથી રોકાણકારો શેર વેચી અને પ્રાઇમરી માર્કેટ તરફ વળી રહ્યા છે.સેકન્ડરી માર્કેટમાં રૂપિયા છૂટા કરી અને આઇ.પી.ઓ ના સબસ્ક્રીપશન મા રૂપિયા લગાવી રહ્યા હોય તેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

વૈશ્વિક શેરબજારમાં મંદિ છવાઈ ગઈ છે.ત્યારે ભારતીય શેરબજારમાં પણ સેકન્ડરી માર્કેટમાં મંદી જોવા મળી રહી છે.છેલ્લા ઘણા સમયથી ચાલતી તેજીને બ્રેક લાગી છે.શેરબજાર ના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણી ના જણાવ્યાનુસાર, શેરબજારની તેજી સરકારને પણ ફળી છે.એસ.ટી.ટીની આવક છેલ્લા નવ મહિનામાં ૪૧,૦૦૦ કરોડને પાર કરી ચૂકી છે.ડાયરેક્ટ ટેક્સના કલેક્શનમાં પણ ઉછાળો જોવા મળ્યો છે.ત્યારે આવનારા દિવસોમાં જો સેકન્ડરી માર્કેટમાં તેજી થશે તો એસ.ટી.ટી ની આવકમાં પણ જોરદાર ઉછાળો જોવા મળશે. સામાન્ય રીતે આઇ.પી.ઓ ના ભરણા અનેક ગણા થઈ રહ્યા છે અને આઇ.પી.ઓની વણઝાર છે.ત્યારે સારા લિસ્ટીંગ ની શક્યતા જોતા શેરબજાર મા વોલ્યુમ માં વધારો થશે અને કંપનીઓના લિસ્ટિંગ ની દ્રષ્ટીએ પણ જોરદાર ઉછાળો જોવા મળશે, સાથોસાથ સરકારને પણ ટેક્સ ની આવક વધશે.

# નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન ૧૬.૪૫ ટકા વધીને રૂ. ૧૫.૮૨ લાખ કરોડ

અમદાવાદઃઆર્થિક મોરચે સરકાર માટે રાહતના સમાચાર આવ્યા છે. બુધવારે જારી થયેલા સરકારી આંકડા અનુસાર નવેમ્બરમાં નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં ૧૬.૪૫ ટકાનો વધારો થયો છે. આ વધારા સાથે, નાણાકીય વર્ષ ૨૦૨૫માં સરકારી તિજોરીમાં રૂ. ૧૫.૮૨ લાખ કરોડનો વધારો થયો છે.સરકારના જણાવ્યા અનુસાર, એડવાન્સ ટેક્સ કલેક્શનમાં વધારો થવાને કારણે ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં આ વધારો થયો છે. સરકારી આંકડા અનુસાર આ સમયગાળા દરમિયાન એડવાન્સ ટેક્સ કલેક્શન ૨૧ ટકા વધીને રૂ. ૭.૫૬ લાખ કરોડ થયું છે. રીફંડ બાદ કર્યા બાદનું નેટ કોર્પોરેટ ટેક્સ કલેક્શન વાર્ષિક રૂ. ૬.૮૩ લાખ કરોડથી વધીને રૂ. ૭.૪૨ લાખ કરોડ થયું છે. નેટ નોન-કોર્પોરેટ ટેક્સ રૂ. ૭.૯૭ લાખ કરોડ સરકાર પાસે જમા થયો છે.




૧ એપ્રિલથી ૧૭ ડિસેમ્બર, ૨૦૨૪ની વચ્ચે સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સમાંથી રૂ. ૪૦,૧૧૪ કરોડ એકત્ર કરવામાં આવ્યા હતા.

આ સમયગાળા દરમિયાન રૂ. ૩.૩૯ લાખ કરોડના રીફંડ પણ જારી કરવામાં આવ્યા હતા, જે વાર્ષિક ધોરણે ૪૨.૪૯ ટકાનો વધારો દર્શાવે છે. ગ્રોસ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન, જેમાં કોર્પોરેટ ટેક્સ, પર્સનલ ઇન્કમ ટેક્સ અને એસટીટીનો સમાવેશ થાય છે, તે ૧ એપ્રિલથી ૧૭ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન રૂ. ૧૯.૨૧ લાખ કરોડથી વધુ હતી. આ ૨૦૨૩ના સમાન સમયગાળાની સરખામણીમાં ૨૦.૩૨ ટકાનો વધારો દર્શાવે છે. કુલ ગ્રોસ કલેક્શનમાં કોર્પોરેટ ટેક્સ ૯.૨૪ લાખ કરોડ હતો, જે ગત વર્ષના ૭.૯૦ લાખ કરોડ કરતા વધુ છે.



# GPSCની પરીક્ષાનું રિઝલ્ટ જાહેર થયા બાદ પણ રાજકોટ સિવિલ સહિત રાજયની હોસ્પિટલોમાં નર્સિંગ સુપ્રિન્ટેન્ડેન્ટની જગ્યા ખાલી

## પરિક્ષામાં પાસ થયેલ સ્થાનિક નર્સીંગ કર્મચારીઓને જે તે હોસ્પિટલની કામગીરીથી વાકેફ હોય ત્યાં જ નિમણૂક આપવા માગણી

રાજકોટ, તા. ૧૯: રાજકોટ સહીત રાજ્યની સરકારી હોસ્પિટલમાં ડોકટર બાદ જેમની મહત્વની જવાબદારી મનાઈ છે એવા નસીંગ સુપ્રિન્ટેન્ડેન્ટની જગ્યા છેલ્લા બે વર્ષથી વધુમાં સમયથી ભરવામાં ન આવતા ઇન્ચાર્જના હવાલે કામગીરી થોપી દેવામાં આવી છે. તાજેતરમાં જ જીપીએસસીની પરિક્ષાનું રિઝલ્ટ આવતા નસીંગ ક્ષેત્રે ૧૯ ઉમેદવારો પાસ થયા છે જેને પણ ત્રણ મહિના જેટલો સમય વીતવા છતાં આજસુધી હજુ નિમણુંક આપવામાં આવી નથી. આ નિમણુંક પાછળ પણ આરોગ્ય ક્ષેત્રે કોઈ ગોઠવણ હોઈ તેમ લાગી રહ્યું છે.

રાજકોટ સિવિલ હોસ્પિટલની વાત કરીએ તો છેલ્લા બે વર્ષથી નર્સિંગ સુપ્રિન્ટેન્ડેન્ટની જગ્યા ખાલી પડી છે, માત્ર છ છ મહિનાના ટૂંકા ગાળામાટે સિનિયર મેટ્રનને આ ચાર્જ સોંપવામાં આવતા ચોક્કસ કામગીરી થઈ રહી નથી આથી બને તેટલી ત્વરાથી સરકારે આ જગ્યા પર નિમણૂક કરવી જરૂરી બની છે.

સીવીલ હોસ્પિટલમાં સારવાર સહિતની વ્યવસ્થામાં પણ અસર પડી રહી છે. સેનાપતિ વગર લશ્કર કેવી રીતે લડતું હોઈ એ કહેવા કરતા સમજવું વધારે જરૂરી છે. સિવિલમાં બે વર્ષથી આજ પરિસ્થિતિ ચાલી રહી છે. ડો. હિતેન્દ્ર ઝાખરિયાની બદલી થયા બાદ નર્સીંગ સિસ્ટમ ઉપર કોઈનો હોલ્ટ રહ્યો નથી આ ઉપરાંત ઈન્ચાર્જને રસ નથી હોતો જેના કારણે સ્ટાફ વધુ તાગડધિન્ના કરી રહ્યો છે. જો કે કેટલાક કર્મચારીઓ નિષ્ઠા પૂર્વક કામ કરી રહ્યા છે, તો કેટલાક ઘડીયાલના કાંટે આવન જાવન કરી રહ્યા છે. જવાબદારી નામે કોઈ કામ કરવામાં આવતું ન હોવાની વ્યાપક ફરિયાદો થઈ રહી છે. તાજેતરમાં જ નર્સિંગ કર્મીઓ ઉપર હુમલાના બનાવ પણ બન્યા છે, આ મામલે નસીંગ કર્મચારીઓએ રજૂઆત કોને કરવી? અને રજૂઆત કર્યા બાદ પણ એકેશન લઈ શકે એવા પાવર પણ ઈન્ચાર્જ પાસે ન હોવાથી નસીંગ કર્મચારીઓ પોતાની વાત પણ યોગ્ય રીતે રજૂ કરી શકતા નથી. હાલની સ્થિતિએ છેલ્લા બે વર્ષથી સિવિલ હોસ્પિટલમાં નસીંગ સિસ્ટમ ગોથે ચડી છે જેને ઘણીખરી સુધારવામાં માટે સ્થાનિક કર્મચારીમાંથી જ મેરિટ પ્રમાણે કાયમી નસીંગ સુપ્રિન્ટેન્ડેન્ટની સરકારમાંથી નિમણુંક કરવામાં આવે તો આરોગ્યલક્ષી કામગીરીમાં પણ સુધારો થાય એમાં બે મત નથી.

### સ્થાનિક નર્સીંગ કર્મચારીમાંથી જ નિમણૂક આપવા માગણી

અત્રે ઉલ્લેખનિય છે કે, તાજેતરમાં જીપીએસસીની પરીક્ષામાં ૧૯ ઉમેદવારો પાસ થતા તેમાં કેટલાક રાજકોટ ઉપરાંત અન્ય સ્થાનિક નસીંગ કર્મચારીઓનો સમાવેશ થાય છે. સરકાર દ્વારા જે તે હોસ્પિટલમાં ત્યાંના જ કર્મચારીઓની જો નિમણુંક કરવામાં આવે તો તે ત્યાંની કામગીરીથી વાકેફ હોઈ વ્યવસ્થા સુદ્રઢ રીતે જળવાઈ રહે તેવી લાગણી કર્મચારીઓમાં ઉઠવા પામી છે.

# સૌરાષ્ટ્ર યુની.માં PhDની ૨૧૨માંથી ૧૬૯ સીટ ખાલી : સત્તાધિશોની ઓવરસ્માર્ટનેસ જવાબદાર

- **પીએચ.ડી.મા પ્રવેશ પરીક્ષા પાસ કરેલ ઉમેદવારોને પ્રવેશ આપો : ૨૪ કલાકનુ કોંગ્રેસનુ અલ્ટીમેટમ**
- **Ph.d. એડમિશન માટે અગાઉ NET ફરજિયાત બાદ સીટ ખાલી રહેતા હવે GSET-JRF પાસ પણ ચાલશે, Ph.D. પ્રવેશ પરીક્ષા પાસ કરનારા વંચિત**



રાજકોટ, તા. ૧૯: સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમા પીએચ.ડી.ની પ્રવેશ પ્રક્રિયા એટલે વિવાદોનુ પર્યાય બની હોય તેમ દરવર્ષે કઈકને કઈક નવા નવા વિવાદો વકર્યા કરે છે તેમ પરંપરા જાળવતા આ વર્ષે પણ ૮૦% સીટો ખાલી રહેતા કોંગ્રેસના વિદ્યાર્થીનેતા આજ કુલપતિને રજૂઆત કરીને નિર્ણય બદલાવવા ચિમ્મકી ઉચ્ચારી હતી. ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા પીએચ.ડી.માં એડમિશન માટે જીકાસ મારફત ઓનલાઈન ફોર્મ ભરવાનું ૧ ઓક્ટોબરથી શરૂ થઈ ગયું હતુ ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા મોડે મોડેથી ૫ ઓક્ટોબરના પરિપત્ર બહાર પાડવામાં આવ્યો હતો કે જે વિદ્યાર્થીઓએ ગઊઝ એટલે કે નેશનલ એલીજીબીલીટી ટેસ્ટ પરીક્ષા પાસ કરી હશે તેવા વિદ્યાર્થીઓને જ પીએચ.ડી.માં એડમિશન મળશે. જેનાથી ભૂતકાળમાં પીએચ.ડી.ની પ્રવેશ પરીક્ષા પાસ કરી છે તેવા હજારો વિદ્યાર્થીઓએ પાસ કરેલી હતી તેઓની પરીક્ષા રદ થઈ ગઈ હતી અને આ રીતે વિદ્યાર્થીઓના ભવિષ્યને દાવ ઉપર મૂકી અને ગાઈડસની ખટાવવાનો ખેલ યુનિવર્સિટીના સતાધિસોએ ખેલ્યો હતો તેવામાં NET ફરજિયાત હોવાને લીધે ૨૧૨ માંથી ૧૬૯ સીટ ખાલી રહી હતી અને ૫૫ સીટ જ ભરાઈ હતી.

ગુજરાતમાં સંભવતઃ એકમાત્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પીએચ.ડી.માં એડમિશન માટે પ્રવેશ પરીક્ષા લેવામાં આવી ન હતી અને માત્ર NET પરીક્ષા પાસ કરેલી હોય તેવા વિદ્યાર્થીઓને જ એડમિશન આપવાનો કઠોર નિર્ણય કરાયો હતો. પરંતુ આ નિર્ણયને કારણે યુનિવર્સિટીમાં ૨૬ ભવનમાં ૨૧૨ માંથી ૧૬૯ સીટ ખાલી રહી. જેથી હવે જીસેટ અને જે.આર.એફ ની પરીક્ષા પાસ કરેલી હોય તેવા વિદ્યાર્થીઓને પણ એડમિશન મળશે તેવો નિર્ણય કરી પોતાના જ નિર્ણયમા જ કેમ પાછીપાની કરવી પડી છે તે મોટો સવાલ છે ! અગાઉ GCAS માં રજીસ્ટ્રેશન વખતે આ પ્રકારની કોઈ સ્પષ્ટતા કેમ કરવામાં આવી ન હતી? સતાધિસોના કડક નિર્ણયના લીધે પીએચડીમા એડમિશન માટે હવે ફરી વખત ડી.આર.સી.ગોઠવવી પડશે અને તેમાં એક્સપર્ટને બોલાવવાનો સહિતનો અંદાજે રૂ. ૨૦ લાખનો ખર્ચ બીજી વખત થશે અને આ રીતે યુનિવર્સિટીના સતાધિસોના મિસ મેનેજમેન્ટથી વિદ્યાર્થીઓને ગેરલાભ થશે અને યુનિવર્સિટીના તિજોરીના વધુ નાણા વેડફાશે તેવી રજૂઆત કરી હતી.

રોહિતસિંહ રાજપૂતે જણાવ્યુ હતુ કે ગુજરાતની મોટાભાગની સરકારી યુનિવર્સિટીઓએ પીએચડીમા પ્રવેશ માટે નેટ પાસ ફરજિયાત રાખી ના હતી કારણ કે નેટએ રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષા હોવાથી આપણા રાજ્યમા નેટ પાસ વિદ્યાર્થીઓ ગણ્યાગાઠ્યા હોય છે જેથી રાજ્યના વિદ્યાર્થીઓના શૈક્ષણિકહિતને ધ્યાને લેવામા આવ્યુ હતુ પરંતુ આપણી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ સારી ક્વોલિટી મેળવવાની વાહવાહી મેળવવા નેટ પાસ ફરજિયાતનો નિર્ણય કર્યો હતો જેથી ખાસ કરીને સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓને ખુબ નુકશાન થયેલ હતુ. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સતાધિસોએ એક વખત નિર્ણય કર્યા બાદ કેમ પોતાના જ નિર્ણયને બદલવો પડે ? અમારી સ્પષ્ટ માંગ છે કે જો નિયમ ઘડો તો તેનુ અમલીકરણ કરવા છેલ્લે સુધી સુનિચ્છિત રહો અન્યથા જો તે નિર્ણયમા ફેરફાર કરવા ઈચ્છો છો તો તમારૂં હિત નહી વિદ્યાર્થીઓનુ હિત ઇચ્છીને જ ફેરફાર કરો.

તેઓએ રજૂઆતની અંતમા જણાવ્યુ હતુ કે અમારી સ્પષ્ટ માંગ છે કે ગાઇડના અભાવે પીએચ.ડી.પ્રવેશ પરીક્ષા પાસ કરેલ ઉમેદવારો જે વર્ષોથી રાહ જોઈને બેઠા છે તેમને પ્રવેશમા સમાવવાનો નિર્ણય આવનારા ૨૪ કલાકમા કરવામા નહીં આવે વિદ્યાર્થીઓને સાથે રાખી ઉગ્ર આંદોલન કરવામા આવશે જેની તમામ જવાબદારી સતાધીસોની રહેશે.



શિયાળાની કડકડતી ઠંડીમાં ઘર વિહોણા પરિવાર માટે અને રસ્તે રઝળતા લોકો માટે સહારો બનવા માટે માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ ગોંડલ દ્વારા ધાબળા વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ ગોંડલ દ્વારા સ્લમ વિસ્તારનામાં રહેતા લોકોને ધાબળા વિતરણ કરવામાં આવ્યા.

# અમદાવાદનો કિસ્સોઃ સલમાન એવેન્યુના ગેરકાયદે બે માળ તોડવા સામે હાઈકોર્ટનો ઈન્કાર

અમદાવાદ,તા.૧૯

શહેરના એસ્ટોડિયા વિસ્તારમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સામે પુરાતત્વ ખાતાના બોગસ ગઘઈના આધારે બાંધવામાં આવેલા સલમાન એવેન્યુના ગેરકાયદેસર બે માળ તોડી પાડવા માટે કોર્પોરેશન દ્વારા વર્ષ ૨૦૧૮ માં આપવામાં આવેલી નોટિસ રદ કરવા અથવા મનાઈ હુકમ આપવાનો ગુજરાત હાઇકોર્ટ આજરોજ ઇનકાર કરી દીધો હતો. ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ મૌના ભટ્ટે નેશનલ મોન્યુમેન્ટ ઓથોરિટીના બનાવટી નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટના આધારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન પાસેથી વધુ બે માળ માટે બાંધકામની પરવાનગી મેળવીને સલમાન એવન્યુ ખાતે બાંધવામાં આવેલા વધારાના બે માળ તોડી પાડવાનો માર્ગ મોકળો કર્યો હતો અને અરજદારો ની અરજી ફગાવી દીધી હતી.

આ મિલકત દસ્તૂર ખાન મસ્જિદના લગભગ ૧૮૦ મીટરના અંતરે વિસ્તારમાં આવેલી છે. પ્રાચીન સ્મારકો અને પુરાતત્વીય સ્થળો અને અવશેષો (સુધારો અને માન્યતા) અધિનિયમ, ૧૯૫૮ની જોગવાઈઓ હેઠળ મસ્જિદ એક સંરક્ષિત સ્મારક છે. આથી તેની નજીક બાંધવામાં આવતી મિલકત માટે પુરાતત્વ વિભાગની મંજૂરી જરૂરી છે. સેલર+ગ્રાઉન્ડ+૪ માળ માટે બિલ્ડિંગના બાંધકામ માટેની પ્રથમ પરવાનગી એએમસી દ્વારા વર્ષ ૨૦૧૨માં એનએમએ દ્વારા આપવામાં આવેલી એનઓસીના આધારે વર્ષ ૨૦૧૬માં મંજૂર કરવામાં આવી હતી. ત્યારબાદ ડેવલપર મોઈન ઈન્ફ્રાસ્ટ્રક્ચર એલએલપીએ વધારાના બાંધકામ માટે બીજી અરજી કરી હતી.

# ઉપલેટાના હાડફોડીમાં ગૌચર પરનાં દબાણો તોડી રૂ.૧૦૦ કરોડની ૧૨૦૦ વીઘા જમીન ખુલ્લી કરાવાઈ

## જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોશીની સૂચના મુજબ પ્રાંત અધિકારીની સરાહનીય કામગીરી



રાજકોટ તા. ૧૯ઃ ઉપલેટા તાલુકાના હાડફોડી ગામમાં ઉપલેટા નગરપાલિકા હસ્તકના સર્વે નંબર ૧૮ પૈકી ગૌચરની જમીન પર ૭૦ જેટલા દબાણકારોએ કરેલા દબાણો તંત્રએ તોડી પાડ્યા છે અને રૂપિયા ૧૦૦ કરોડની કિંમતની આશરે ૧૨૦૦ વિઘા જેટલી વિશાળ જમીન ખુલ્લી કરાવી છે.

ઉપલેટા તાલુકાના હાડફોડી ગામે ઉપલેટા નગરપાલિકાની માલિકીની સર્વે નંબર ૧૮ પૈકી આશરે ૨૫૨ હેક્ટર ગૌચરની જમીન આવેલી છે. આ જમીન પર કુલ.૭૦ દબાણદારો દ્વારા દબાણ કરવામાં આવ્યું હતું. આથી ઉપલેટા નગરપાલિકાએ દબાણકારોને નોટિસ ફટકારીને દબાણો દૂર કરવા જણાવ્યું હતું. પરંતુ દબાણકારોએ દબાણો ન હટાવતાં, જિલ્લા કલેક્ટર શ્રી પ્રભવ જોશીની સૂચના મુજબ, નાયબ કલેક્ટર શ્રી નાગાજણ. એમ. તરખાલાની આગેવાનીમાં ડિમોલીશન હાથ ધરાયું હતું.

જેમાં રેવન્યુ વિભાગની ટીમના ઉપલેટા મામલતદાર શ્રી નિખિલ મહેતા, પી.આઈ. શ્રી બી. આર. પટેલની આગેવાનીમાં પોલીસની ટીમ તથા ઉપલેટા ચીફ ઓફિસર સુશ્રી નિલમબેન ઘેટીયા, ધોરાજી ચીફ ઓફિસર શ્રી જયમલ મોઢવાડીયા અને ભાયાવદર નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી દેવાભાઈ કંડોરિયા, નાયબ મામલતદાર શ્રી વિરસિંહ સોલંકીની હાજરીમાં મેગા ડિમોલીશન શરૂ થયું હતું. જેમાં કુલ ૧૦૦થી વધુ કર્મચારીઓ તેમજ ૧૦ જે.સી.બી. તથા ૧૫ રોટાવેટર તથા અન્ય સાધનોની મદદથી તમામ દબાણો દૂર કરીને, અંદાજે રૂ. ૧૦૦ કરોડની ૨૦૦ હેક્ટર (૧૨૦૦ વિઘા) ગૌચરની જમીન ખુલ્લી કરવામાં આવી હતી. આ જમીનનો કબ્જો ઉપલેટા નગરપાલિકા દ્વારા સંભાળી લેવામાં આવ્યો હોવાનું ધોરાજી-ઉપલેટા પ્રાંત અધિકારીની યાદીમાં જણાવાયું હતું.

# જાન્યુઆરી મહિનાના બીજા સપ્તાહમાં પોલીસ પીએસઆઈ અને લોકરક્ષકની પરીક્ષા

### ■ પોલીસ ભરતી માટે તૈયારી કરતા ઉમેદવારો માટે ૧૫ ગ્રાઉન્ડ નોડલ અધિકારીઓની વિગતો જાહેર


અમદાવાદ, તા. ૧૯ઃ અમદાવાદ પોલીસ ભરતીને લઈ મહત્વનાં સમાચાર સામે આવ્યા છે. જાન્યુઆરી મહિનાના બીજી સપ્તાહમાં શારીરિક કસોટી યોજાઈ શકે છે. પીએસઆઈ અને લોકરક્ષક માટે શારીરિક કસોટી યોજવાની છે. ત્યારે આ દરમિયાન સોશિયલ મીડિયા પર પોલીસ ગ્રાઉન્ડની વિગતોની માહિતી ફરતી થઇ હતી. જેના થકી જેતે જિલ્લાઓના ઉમેદવારો ગ્રાઉન્ડમાં તૈયારીઓ કરી શકે. ગ્રાઉન્ડના સ્થળની વાત કરવામાં આવે તો અમદાવાદ શહેર, વડોદરા શહેર, ૧ રાજકોટ શહેર, પોલીસ તાલીમ શાળા વડોદરા, પોલીસ તાલીમ મહાવિદ્યાલય જુનાગઢ, ગાંધીનગર, મહેસાણા, સાબકકાંઠા, ભરૂચ, જામનગર, સીઆરપીએફ અમદાવાદ, સીઆરપીએફ ગોધરા, સીઆરપીએફ નડિયાદ, સીઆરપીએફ ગોડલ અને સીઆરપીએફ




સુરતના ગ્રાઉન્ડના નોડલ અધિકારી અને તેમની વિગતો આપવામાં આવી છે ગુજરાત પોલીસમાં જોડવા માટે ઇચ્છુક અને આ માટે તૈયારી કરી રહેલા ઉમેદવારો માટે ગુજરાત પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલનું નિવેદન આપ્યું હતું. તમને જણાવી દઇએ કે એપ્રિલ મહિનામાં લોકરક્ષક અને ડ્ઝઈ ભરતી માટે અરજીઓ મંગાવાઈ હતી અને બીજા તબક્કામાં ઓગસ્ટ સપ્ટેમ્બરમાં ફરી અરજી મંગાવી હતી. ગુજરાત પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે કહ્યું એપ્રિલ મહિનામાં લોકરક્ષક અને PSI ભરતી માટે અરજીઓ મંગાવાઈ હતી. એ વખતે એ ઉમેદવારો તરફથી એવી રજૂઆત હતી કે એ વખતે કોલેજ અને શાળાની પરીક્ષાના પરિણામ આવ્યા હતા, અને આપણે ઉનાળા અને ચોમાસાના કારણે તરત જ શારીરિક કસોટી લેવાના ન હતા, એટલે એવા ઉમેદવારો કે જેઓએ એપ્રિલમાં પરીક્ષા આપી હતી, એવા ઉમેદવારોને પણ તક મળે એટલા માટે આપણે ઓગસ્ટ સપ્ટેમ્બરમાં ફરી અરજી મંગાવી હતી. ઉમેદવારોની અરજીના કારણે બીજા તબક્કામાં અરજી કરવાની તક અપાઈ હતી હસમુખ પટેલે કહ્યું કે જે ઉમેદવારે બંને પોસ્ટ માટે અરજી કરી છે, તો તે ઉમેદવારે માત્ર એક જ વાર શારીરિક કસોટી આપવાની રહેશે. સાથે જ તેમણે કહ્યું કે ઉમેદવારોએ તંત્ર પર ભરોસો રાખીને મહેનત કરીને સફળ થવાનો પ્રયત્ન કરવો. ગઇ વખતે પણ ઉમેદવારોએ પૈસા આપીને ભરતી થવાનો પ્રયત્ન કરેલો, ત્યારે છેતરનાર લોકો સામે કાર્યવાહી કરાઈ છે. એટલે જ ઉમેદવારોને સલાહ છે કે આવા કોઈ પ્રયાસો કરશો નહીં.

# અગ્નિકાંડ કેસમા ટી.પી.ઓ. સાગઠીયા, એ.ટી.પી.ઓ. મકવાણાની બીન તહોમત છોડી મુકવાની અદાલતમા અરજી

પુરા ગુજરાતને હચમચાવી દેનાર અને સ્વજનોના હદય દ્રાવક કરૂણ રૂદનથી દેશની જનતાને આંસુ લાવી દેનાર ઘટના કે જેમા છાપાના સમાચારના આધારે નામદાર ગુજરાત હાઈકોર્ટે રજા ના દિવસે સુઓમોટો રીટ દાખલ કરી બીજે જ દિવસે પોલીસ કમીશ્નર તથા મ્યુનીસીપાલ કમીશ્નર સહીત તંત્રોને આડે હાથે લઈ સાડા ચાર કલાક જેનુ હીયરીંગ ચાલેલ હોય તેવી રાજકોટ મુકામે ની ટી.આર.પી. અગ્નીકાંડ ની ઘટનામા ૨૭ ના ભોગ લેનાર ગુનાના કામે પકડાયેલ ૧૫ આરોપીઓ સામે ચાલી રહેલ કેસમા ટી.પી.ઓ. સાગઠીયા, એ.ટી.પી.ઓ. મકવાણાનીઓએ તેઓ સામે કેસ ચાર્જફ્રેમ થાય તે પહેલા તહોમતમાથી બીન તહોમત (ડીસ્ચાર્જ) કરી છોડી મુકવા અરજીઓ દાખલ કરવામાં આવેલ છે. કેસની હકીકત જોઈએ તો ટી.આર.પી. ગેમ ઝોનના સંચાલકો આરોપી ધવલ કોર્પોરેશનના પ્રોપરાઈટર (૧) ધવલ ભરતભાઈ ઠકકર તથા રેસ વે એન્ટરપ્રાઈઝ ના ભાગીદારો (૨) અશોકસીત જગદીશસીહ જાડેજા (૩) કીરીટસીહ જગદીશસીહ જાડેજા (૪) પ્રકાશચંદ્ર કનૈયાલાલ હીરણ (૫) યુવરાજસીહ હરીસીહ સોલંકી (૬) રાહુલ લલીતભાઈ રાઠોડ તથા તપાસમાં ખુલવા પામે તે તમામ સામે ૫૦ મીટર પહોળુ અને ૬૦ મીટર લાંબુ અને બે થી ત્રણ માળ જેટલું ઉંચુ લોખંડ તથા પતરાનું ફેબ્રીકિશનનું માળખુ ઉભુ કરી ગેમ ઝોન બનાવી તેમાં આગ લાગવાની ઘટના બને તો પહોંચીવળી આગ રોકી મનુષ્ય જીવનને બચાવી શકાય તેવા કોઈ અસરકારક ફાયર ના સાધનો રાખ્યા વગર કે અગ્નીસમન વિભાગની એન.ઓ.સી. કે પ્રમાણપત્ર મેળવ્યા વગર જોખમી જગ્યામાં ગેમ ઝોન ચલાવી તેમા આગ લાગવાનો બનાવ બને તો ગંભીર ઈજાથી બઈ માનવ મૃત્યુ થવાની સતપ્રતિષ્ઠત સંભાવના હોવાની જાણકારી હોવા છતા ગેમ ઝોન ચાલુ રાખી ૨૭ માનવો ના મૃત્યુ નીપજાવી મહાવ્યથાઓ સાથે આ ગેમ ઝોન માથી નાશી ભાગી નીકળેલ ન હોય તો તેઓના પણ મૃત્યુ સંભવ હતા તેવા જોખમમાં નાખી ગુનો કર્યા અન્વયે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ પી.એસ.આઈ. પ્રજ્ઞેશકુમાર ભીખાભાઈ ત્રાજીયાએ ફરીયાદ આપેલ હતી. ટી.આર.પી. અગ્નીકાંડ કેસની આજરોજ ૧૫ આરોપીઓની સેસન્સ અદાલતમાં કેસ કમીટ થયા બાદ ની આજરોજની ૧૧ મી મદત હોય જેમા સરકાર પક્ષેના સ્પે. પી.પી. એડી. સ્પે. પી.પી. તથા ભોગ બનનારના એડવોકેટો રાજકોટ ના મહે. એડી. સેસન્સ જજ સાહેબની કોર્ટમાં ખુલતી અદાલતે હાજર રહેલ અને ૪૬૭ દસ્તાવેજો સ્વરૂપી પુરાવો રજુ કરેલ જે દસ્તાવેજોમાં એફ.આઈ.આર., પી.એમ.રીપોર્ટ, પંચનામાઓ, એફ.એસ.એલ. રીપોર્ટ, બેંકોના સ્ટેટમેન્ટ, ઓડીટ રીપોર્ટ, હસ્તાક્ષર નિષ્ણાંતના અભીપ્રાયો, કોર્પોરેશનની ફાઈલો, પી.જી.વી.સી.એલ.ની ફાઈલો, ફાયર વિભાગની ફાઈલો, મોબાઈલ કોલ ડીટેઈલો, ઈજા પામનારાઓના મેડીકલ સર્ટીફીકેટો વિગેરે દસ્તાવેજી પુરાવો નામદાર અદાલતમાં રજુ કરવામા આવેલ અને પ્રોસીકયુશન તરફે થી ડ્રાફ્ટ ચાર્જ રજુ કરવામાં આવેલ જે ડ્રાફટ ચાર્જ અન્વયે સુનવણી માટે મુદત હોય દરમીયાન ટી.પી.ઓ. સાગઠીયા, એ.ટી.પી.ઓ. મકવાણાનાઓએ તેઓ સામે કેસ ચાર્જફ્રેમ થાય તે પહેલા તહોમતમાથી બીન તહોમત (ડીસ્ચાર્જ) કરી છોડી મુકવા અરજીઓ દાખલ કરવામાં આવતા અને ટી.પી.ઓ. સાગઠીયાએ પોતાની નહી પરંતુ મ્યુનીસીપલ કમીશ્નર ઉપર જવાબદારી ઢોળતા કેસમાં નવો વળાંક આવેલ છે. ઉપરોકત બંને આરોપીઓ ઉપરાંત હજુ વધુ આરોપીઓ પણ પોતાની સામેનુ તહોમત પડકારી કેસ ચાર્જફ્રેમ થાય તે પહેલા ડીસ્ચાર્જ અરજીઓ લાવી કેસ લંબાવવા કોશીષ કરે તેવી સંભાવના પણ નકારી શકાય તેમ નથી તેની સામે સરકાર તરફે થી કેસ ડે ટુ ડે ચલાવવા અરજી આપવામાં આવેલ છે તેની તથા ડીસ્ચાર્જ અરજીઓ સબંધે આજરોજ નામદાર અદાલતમા દલીલો થવાની સંભાવના રહેલ છે. ઉપરોક્ત કામમા ભોગ બનનાર પ્રદિપસીહ ચૌહાણ પરીવાર વતી રાજકોટ બાર એશોશીયેશન વતી ઉપ પ્રમુખ સુરેશ ફળદુ, સ્પે.પી.પી. તુષાર ગોકાણી, એડી. સ્પે.પી.પી. નીતેશ કથીરીયા તથા અન્ય એક ભોગ બનનાર વતી એન. આર. જાડેજા નાઓએ હાજર રહી કાર્યવાહી કરેલ હતી.



# વોર્ડ નં.૪માં અનામત હેતુના બે પ્લોટમાંથી ૬૦ ઝુંપડાના ડિમોલીશન

## ■ ૯૭.૪૩ કરોડની જમીન ખુલ્લી કરાવાઇ : રસ્તો બંધ કરી દેવાતા રામેશ્વર પાર્કમાં ઓપરેશન

રાજકોટ, તા. ૧૯ઃ શહેરના પૂર્વ ઝોનમાં સામાકાંઠે વોર્ડ નં. ૪ અને ૬માં આજે મનપા ટીપી શાખા દ્વારા ડિમોલીશન કરવામાં આવ્યું હતું. બે પ્લોટમાંથી ૬૦ ઝુંપડા તોડી પાડવામાં આવ્યા છે તો એક સોસાયટીના મેઇન રોડ પર રસ્તા પર ગેરકાયદે ખડકી દેવાયેલા એંગલ જેસીબીની મદદથી ઉખેડી નાંખવામાં આવ્યા હતા.

કમિશ્નર તુષાર સુમેરાના હુકમથી સીટી ઇજનેર એમ.આર.શ્રીવાસ્તવના માર્ગદર્શન હેઠળ આજે પૂર્વ ઝોનમાં ટીપીના અનામત પ્લોટ ખુલ્લા કરાવવા કાર્યવાહી કરવામાં આવી હતી. વોર્ડ નં.૪માં અનામત પ્લોટ નં. ૩૪-બીમાં કોમર્શિયલ હેતુનો પ્લોટ આવેલો છે.



અહીં ઝુંપડા ખડકાઇ ગયા હતા જે ૧૦૧૬૬ ચો.મી. જગ્યા સાથે ૪૦.૬૬ કરોડની જમીન ખુલ્લી કરાવવામાં આવી છે. મોરબી રોડ પર જકાતનાકાથી વેલનાથપરા આગળ બ્રીજની સમાંતર કોર્પો.ના આ પ્લોટ આવેલા છે. જયાં કાર્યવાહી કરાઇ હતી.

આ જ વોર્ડમાં નજીકમાં રેસીડેન્સ સેલ હેતુનો ૩૫-એ નંબરનો અનામત હેતુનો પ્લોટ રહેલો છે. આ ૧૪૧૯૩ ચો.મી. જમીનમાંથી પણ ઝુંપડાઓ હટાવીને ૫૬.૭૭ કરોડની જગ્યા ખુલ્લી કરાવાઇ છે. બંને પ્લોટમાં રહેલા ૬૦ જેટલા કાચા-પાકા ઝુંપડા પર બુલડોઝર ફેરવીને પ્લોટ ખુલ્લા કરાવાઇ છે. હવે પ્લોટને સલામત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કુલ ૨૪૩૫૯ ચો.મી. સાથે ૯૭.૪૩ કરોડની જગ્યા ખાલી કરાવાઇ હતી.

આ ઉપરાંત વોર્ડ નં.૬માં રામેશ્વર પાર્ક મેઇન રોડ પર સોસાયટીનો રસ્તો એંગલ મારીને બંધ કરી દેવામાં આવ્યાની ફરિયાદ આવી હતી. આથી આ એંગલ ઉખેડી નાંખવામાં આવ્યા હતા અને સોસાયટીનો રસ્તો ખુલ્લો કરાવવામાં આવ્યો હતો.

# મહાકુંભમાં જવા ગુજરાતથી ૮ સ્પેશિયલ ટ્રેન મળશેઃ ૨૧ ડિસેમ્બરથી બુકિંગ શરૂ

## ૭૨ ટ્રિપમાં લાખો ભક્તો પહોંચશે; જુઓ આખું લિસ્ટ અને કયાં કયાં સ્ટોપેજ



સુરત, તા. ૧૯ઃ પશ્ચિમ રેલવે દ્વારા મહાકુંભ મેળા ૨૦૨૫ને લઈને મુસાફરોની સુવિધા માટે અને મુસાફરોના વધારાના ધસારાને સમાવવા માટે ઉધના-બલિયા, વલસાડ-દાનપુર, વાપી-ગયા, વિશ્વામિત્રી-બલિયા, સાબરમતી-બનારસ, સાબરમતી બનારસ (વાયા ગાંધીનગર કેપિટલ), ડો. આંબેડકરનગર-બલિયા અને ભાવનગર ટર્મિનસ-બનારસ સ્ટેશનો વચ્ચે સ્પેશિલ ભાડા પર મહાકુંભ મેળાની આઠ જોડી ટ્રેન દોડાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ તમામ ટ્રેન ૭૨ ટ્રિપથી લાખો લોકોને મહાકુંભ મેળામાં પહોંચાળશે.

ટ્રેનનંબર ૦૯૦૩૧, ૦૯૦૧૯, ૦૯૦૨૧, ૦૯૦૨૯, ૦૯૪૧૩, ૦૯૪૨૧, ૦૯૩૭૧ અને ૦૯૫૫૫ માટે બુકિંગ ૨૧ ડિસેમ્બર, ૨૦૨૪થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખૂલશે.

ટ્રેન નંબર ૦૯૦૩૧/૦૯૦૩૨ ઉધના-બલિયા મહાકુંભ મેળા સ્પેશિયલ (૪ ટ્રિપ)

ટ્રેન નંબર ૦૯૦૩૧ ઉધના-બલિયા મહાકુંભ મેળા સ્પેશિયલ ઉધનાથી સવારે ૬:૪૦ વાગ્યે ઊપડશે અને બીજા દિવસે રાત્રે ૧૯:૦૦ વાગ્યે બલિયા પહોંચશે. આ ટ્રેન ૧૭ જાન્યુઆરી અને ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ દોડશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૦૩૨ બલિયા-ઉધના મહાકુંભ મેળા સ્પેશિયલ બલિયાથી ૨૩:૩૦ કલાકે ઊપડશે અને ત્રીજા દિવસે ૧૨:૪૫ કલાકે ઉધના પહોંચશે. આ ટ્રેન ૧૮ જાન્યુઆરી અને ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ દોડશે.

આ ટ્રેન બંને દિશામાં ભરૂચ, વિશ્વામિત્રી, ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, ઉજ્જૈન, શુજલપુર, સંત હિરદારામ નગર, વિદિશા, ગંજ બાસોદા, બીના, લલિતપુર, વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી, ઓરાઈ, ગોવિંદપુરી, ફતેહપુર, પ્રશાસપુર ખાતે ઊભી રહેશે, ચુનાર, વારાણસી, જૌનપુર, ઔંધિહાર અને ગાઝીપુર સિટી સ્ટેશનો પર રોકાશે. ટ્રેન નંબર ૦૯૦૩૧ વડોદરા સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ હશે.

આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૦૧૯/૦૯૦૨૦ વલસાડ-દાનાપુર મહાકુંભ મેળા સ્પેશિયલ (૧૬ ટ્રિપ)

ટ્રેન નંબર ૦૯૦૧૯ વલસાડ-દાનાપુર મહાકુંભ મેળા સ્પેશિયલ વલસાડથી સવારે ૮:૪૦ કલાકે ઊપડશે અને બીજા દિવસે સાંજે ૧૮:૦૦ કલાકે દાનાપુર પહોંચશે. આ ટ્રેન ૮, ૧૭, ૨૧, ૨૫ જાન્યુઆરી અને ૮, ૧૫, ૧૯, ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ દોડશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૦૨૦ દાનાપુર-વલસાડ મહાકુંભ મેળા સ્પેશિયલ દાનાપુરથી ૨૩:૩૦ કલાકે ઊપડશે અને ત્રીજા દિવસે ૯:૩૦ કલાકે વલસાડ પહોંચશે. આ ટ્રેન ૯, ૧૮, ૨૨, ૨૬ જાન્યુઆરી અને ૯, ૧૬, ૨૦, ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ દોડશે.

આ ટ્રેન બંને દિશામાં નવસારી, ભેસ્તાન, નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, મૈહર, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિવકી, મિર્ઝાપુર, ચુનાર, પંડિત દીનદયાલ ઉપાધ્યાય, બક્સર અને અરાહ સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૦૨૧/૦૯૦૨૨ વાપી-ગયા મહાકુંભ મેળા સ્પેશિયલ (૨૦ ટ્રિપ)

ટ્રેન નંબર ૦૯૦૨૧ વાપી-ગયા મહાકુંભ મેળા સ્પેશિયલ વાપીથી ૮:૨૦ કલાકે ઊપડશે અને બીજા દિવસે ૧૯:૦૦ કલાકે ગયા પહોંચશે. આ ટ્રેન ૯, ૧૬, ૧૮, ૨૦, ૨૨, ૨૪ જાન્યુઆરી અને ૭, ૧૪, ૧૮, ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ દોડશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૦૨૨ ગયા-વાપી મહાકુંભ મેળા સ્પેશિયલ ગયાથી ૨૨:૦૦ કલાકે ઊપડશે અને ત્રીજા દિવસે ૧૦:૦૦ કલાકે વાપી પહોંચશે. આ ટ્રેન ૧૦, ૧૭, ૧૯, ૨૧, ૨૩, ૨૫ જાન્યુઆરી અને ૮, ૧૫, ૧૯, ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ દોડશે.

આ ટ્રેન વલસાડ, નવસારી, ભેસ્તાન, નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, મૈહર, સતના, માણિકપુર, પ્રયાગરાજ, છિવકી, મિર્ઝાપુર, ચુનાર, પંડિત દીનદયાલ ઉપાધ્યાય, ભભુઆ રોડ, સાસારામ ખાતે ઊભી રહેશે. સોન પર દેહરી અને અનુગ્રહ નારાયણ રોડ સ્ટેશનો પર રોકાશે.

આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૦૨૯/૦૯૦૩૦ વિશ્વામિત્રી-બલિયા મહાકુંભ મેળા સ્પેશિયલ (૨ ટ્રિપ)

ટ્રેન નંબર ૦૯૦૨૯ વિશ્વામિત્રી-બલિયા મહાકુંભ મેળા સ્પેશિયલ વિશ્વામિત્રીથી ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ૮:૩૫ કલાકે ઊપડશે અને બીજા દિવસે ૧૯:૦૦ કલાકે બલિયા પહોંચશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૦૩૦ બલિયા-વિશ્વામિત્રી મહાકુંભ મેળા સ્પેશિયલ ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ બલિયાથી ૨૩:૩૦ કલાકે ઊપડશે અને ત્રીજા દિવસે ૧૦:૦૫ કલાકે વિશ્વામિત્રી પહોંચશે.

આ ટ્રેન ગોધરા, દાહોદ, રતલામ, નાગદા, ઉજ્જૈન, શુજાલપુર, સંત હિરદારામ નગર, વિદિશા, ગંજ બસોડા, બીના, લલિતપુર, વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી, ઓરાઈ, ગોવિંદપુરી, ફતેહપુર, પ્રયાગરાજ, મિર્ઝાપુર, ચુનારપુર બંને દિશામાં દોડશે. જૌનપુર, ઔંધિહાર અને ગાઝીપુર સિટી સ્ટેશનો પર રોકાશે. ટ્રેન નંબર ૦૯૦૨૯ વડોદરા સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ હશે.

આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

ટ્રેન નંબર ૦૯૪૧૩/૦૯૪૧૪ સાબરમતી-બનારસ મહાકુંભ મેળા સ્પેશિયલ (૧૦ ટ્રિપ)

ટ્રેન નંબર ૦૯૪૧૩ સાબરમતી-બનારસ મહાકુંભ મેળા સ્પેશિયલ સાબરમતીથી ૧૧:૦૦ કલાકે ઊપડશે અને બીજા દિવસે ૧૪:૪૫ કલાકે બનારસ પહોંચશે. આ ટ્રેન ૧૬ જાન્યુઆરી અને ૫, ૯, ૧૪, ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ દોડશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૪૧૪ બનારસ-સાબરમતી મહાકુંભ મેળા સ્પેશિયલ બનારસથી ૧૯:૩૦ કલાકે ઊપડશે અને ત્રીજા દિવસે ૦૦:૩૦ કલાકે સાબરમતી પહોંચશે. આ ટ્રેન ૧૭ જાન્યુઆરી અને ૬, ૧૦, ૧૫, ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ દોડશે. આ ટ્રેન મહેસાણા, પાલનપુર, આબુ રોડ, પિંડવાડા, ફાલના, રાની, મારવાડ, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, બાંદિકૂઈ, ભરતપુર, આગ્રા ફોર્ટ, ટુંડલા, ઈટાવા, ગોવિંદપુરી, ફતેહપુર, પ્રયાગરાજ અને જ્ઞાનપુર રોડ સ્ટેશનો પર ઊભી રહેશે.

આ ટ્રેન સુરેન્દ્રનગર, વિરમગામ, મહેસાણા, પાલનપુર, આબુ રોડ, પિંડવાડા, ફાલના, રાની, મારવાડ, બ્યાવર, અજમેર, કિશનગઢ, જયપુર, બાંદિકૂઈ, ભરતપુર, આગ્રા ફોર્ટ, ટુંડલા, ઈટાવા, ગોવિંદપુરી, ફતેહપુર બંને દિશામાં દોડશે. પ્રયાગરાજ અને જ્ઞાનપુર રોડ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસ કોચ હશે.

# લાંબા સમયે કોઇ કમિશ્નર રાજકોટના આધાર - નાગરિક કેન્દ્રમાં પહોંચ્યા : ટોકન નંબર માઇકમાં બોલવા સૂચના

## યુઆઇડીએઆઇની વેબસાઇટમાં મંગાતા ફોર્મેટ મુજબ જન્મ પ્રમાણપત્ર નીકળતું ન હોવાની રાવ

**■ ઇ - કેવાયસી, આધારમાં અને જન્મના દાખલામાં સુધારા માટે આજે પણ નાગરિકોની લાંબી લાઇન જોઇ તુષાર સુમેરાની વિઝીટ : છાંયડો, પાણીની તત્કાલ વ્યવસ્થા કરો : અધિકારીઓ સાથે સ્થળ પર ચર્ચા**



તસવીરઃ આનંદ સોમૈયા

રાજકોટ, તા. ૧૯ઃ મ્યુનિ. કોર્પોરેશનના આધાર કેન્દ્રમાં આજથી ટોકનના આધારે નાગરિકોના નોંધણી અને સુધારા સહિતના કામ કરવાની વ્યવસ્થા દાખલ કરવામાં આવી છે ત્યારે સવારે વહેલા તે પહેલાના ધોરણે સેન્ટ્રલ ઝોનમાં ૧૮૦ જેટલા ટોકન આપવામાં આવ્યા હતા. આ સિવાયના નાગરિકોને કાલે આવવાનો જવાબ અપાયો છે. લીમીટના કારણે આધાર કેન્દ્ર બહારની લાઇન થોડી ટુંકી થઇ હતી, પરંતુ આધારના ફોર્મેટ મુજબ જન્મના દાખલામાં નામ સુધારવા સિવિક સેન્ટરમાં લાંબી લાઇનો થઇ ગઇ હતી.

રોજની આ હાલત વચ્ચે આજે લાંબા સમય બાદ કોઇ મ્યુનિ. કમિશ્નર આધાર કેન્દ્ર અને સિવિક સેન્ટરમાં પહોંચ્યા હતા. તેઓએ સ્થળ પરની હાલત નિહાળી હતી અને લોકો માટે પાણી, મંડપ, બેઠક વ્યવસ્થા કરવા સૂચના આપી હતી. કમિશ્નરે બંને વિભાગની અને લોકો જયાં લાઇનમાં ઉભા રહે છે તે ગ્રાઉન્ડની મુલાકાત લીધી હતી.

બાદમાં તેમણે લાઇનમાં ઉભા રહેતા અરજદારોને અન્ય કોઇ તકલીફ ન પડે તે જોવા કહ્યું હતું. આથી તત્કાલ ખુરશી, પાણી, મંડપની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. શિયાળામાં પણ નાગરિકો માટે છાંયડાની વ્યવસ્થા કરવા કહ્યું હતું.

આધાર કેન્દ્ર પાછળ પણ ટુ અને ફોર વ્હીલના પાર્કિંગ છે. આ પાર્કિંગ ખાલી કરીને ત્યાં બેસવાની વ્યવસ્થા થઇ શકે છે. ટોકન આપ્યા બાદ ખાનગી બેંક અને પાસપોર્ટ ઓફિસમાં જે રીતે સ્પીકરમાં ટોકન નંબર બોલવામાં આવે છે તે રીતની માઇક સિસ્ટમ ફીટ કરવા પણ કહ્યું છે.

દરમ્યાન આજે નાગરિકોએ એવી વ્યથા ઠલવી હતી કે યુઆઇડીએઆઇની વેબસાઇટમાં એવો ફેરફાર કરી નખાયેલો છે કે જુની ફોર્મેટ કે કોઇપણ ફોર્મેટનું જન્મ પ્રમાણપત્ર હોય તેમાં બાળકના નામ અને તેની સાથે લખેલ અક્ષરોને જ વાંચવામાં આવે છે. આખું ફોર્મ વાંચવામાં આવતું નથી. જેને કારણે આધાર કાર્ડ પ્રિન્ટ કરતી વખતે બાળકનું નામ પ્રિન્ટ થાય છે, પરંતુ પિતા અને અટક અંગેનો ઉલ્લેખ થતો નથી. જેને કારણે તે બાળક જાણે કે અનાથ હોય તે પ્રકારનું માત્ર બાળકને નામ સાથેનું આધાર કાર્ડ નીકળે છે.

જો જન્મ પ્રમાણપત્રમાં બાળકના નામ સાથે પિતા અને અટક નો ઉલ્લેખ હોય તો આધાર કાર્ડમાં તે છપાય છે અન્યથા છપાતું નથી. આ પ્રકારનો ફેરફાર કેન્દ્રીય કક્ષાએ થઇ ગયો હોવા છતાં હજુ પણ જન્મ પ્રમાણપત્ર જૂની ફોર્મેટમાં જ નીકળે છે. જેને કારણે અરજદારોને સેન્ટ્રલ ઝોન ઢેબર રોડની ઓફિસ ખાતે ધક્કા ખાવા પડે છે. વ્યવસ્થામાં રહેલા કર્મચારીઓથી માંડી સિકયુરીટી ગાર્ડને પણ પીક અવર્સમાં ખડેપગે રહેવા સૂચના આપવી જરૂરી છે.

# આર.બી.એસ.કે. ડોક્ટર્સ અને ટીમ બાળકોના સ્વાસ્થ્ય માટે કટિબદ્ધ

## મર્યાદિત આવક હોવાથી આ બધી જ સારવાર વિનામૂલ્યે મેળવી. તેમજ બાળકીનું સ્વાસ્થ્ય સારું થઈ જતાં તેમણે રાજ્ય સરકાર, આરોગ્ય વિભાગ અને આર.બી.એસ.કે. ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો

રાજકોટ તા.૨૦

આજનુ બાળક આવતી કાલનુ ભવિષ્ય છે. બાળકોના સર્વાંગી વિકાસ માટે ડબલ એન્જિનની સરકાર કટિબદ્ધ છે. ત્યારે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ ( આર.બી.એસ.કે) અંતર્ગત ૦ થી૧૮ વર્ષના બાળકોના આરોગ્યની દરકાર રાખવામાં આવે છે. કોઈ બાળક જન્મથી કોઇ બિમારીથી પીડાતું હોય, તેને વિનામૂલ્યે સારવાર આપવાનુ કામ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની આર.બી.એસ.કે.ની ટીમ કરે છે. ત્યારે કલબ ફૂટની બિમારીથી પીડિત જેતપુરના એક નવજાત શિશુના સહારે આર.બી.એસ.કે.ની ટીમ આવી હતી. સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાથી શ્રમિક પરિવારની દીકરીના પગનુ સફળ ઓપરેશન કરી બાળકીને જન્મજાત તકલીફમાથી મૂક્તિ અપાવી હતી.


ભારત સરકાર દ્વારા બાળ મૃત્યુદર ઘટાડવાના ભાગરૂપે સમગ્ર દેશમાં બાળકનો જન્મ થાય, ત્યારથી જ તેના આરોગ્યની તપાસ કરવામાં આવે તે માટે રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ આમલમાં છે. જેના ભાગરૂપે રાજકોટ જીલ્લામાં ૨૯ જેટલી આર.બી.એસ.કે. ટીમ કાર્યરત છે. આ ટીમને જિલ્લામાં પોતાના કાર્યક્ષેત્રમાં નવજાત શિશુના ઘરની મુલાકાત કરી, બાળકમાં કોઈ જન્મજાત ખામી છે કે કેમ ? વગેરે તપાસ કરે છે.

ત્યારે આર.બી.એસ.કે. ના સભ્ય ડો. ભાવિષા રૈયાણી, ડૉ. રાજેશ બુટાણી અને ટીમ જેતપુર ખાતે વિવિધ હોસ્પિટલની મુલાકાત લઈ રહ્યા હતા ત્યાં એક હોસ્પિટલમાં તા.૨ સપ્ટેમ્બરના રોજ નવા જન્મેલા બાળકને તા.૩ સપ્ટેમ્બરની મુલાકાત દરમ્યાન પ્રાથમિક તપાસ કરતાં તેમના બંને પગ વાંકા (કલબ ફૂટ) હોવાનું માલૂમ પડ્યુ હતુ.

તેથી આ બાળકીના પિતા ઘનશ્યામભાઈ મૂળચંદાનીને આ બિમારીની વિગતે જાણ કરી હતી. જેથી બાળકીના કુટુંબીજનો ચિંતામાં મુકાયા હતા. પરંતુ ડૉ.ભાવિષાબેન, ડૉ. રાજેશભાઈ અને ટીમે હિંમત આપી સરકારની યોજના દ્વારા મળતી વિનામૂલ્યે સારવારની જાણકારી આપી કહ્યુ હતુ કે, ‘‘અમુક નવજાત શિશુમા આવું બનતું હોય છે. પરંતુ તેની સારવાર શક્ય છે અને સરકાર દ્વારા આ સારવાર વિનમૂલ્યે આપવામાં આવે છે‘‘.

આર.બી.એસ.કે. ટીમ દ્વારા બાળકીના વાલીને બિમારીના નિદાન માટે તેમજ અન્ય રીપોર્ટ્સ માટે સમજાવવામાં આવ્યું. આ ઉપરાંત આ તકલીફના લક્ષણો, નિદાન તેમજ સારવાર વિશે પ્રાથમિક જાણકારી આપી હતી. ત્યાર બાદ પરિવારજનો સહમત થતાં બાળકીને જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે વધુ તપાસ અર્થે મોકલી જૂનાગઢ સિવિલ ખાતે બાળકની સારવાર કરવામાં આવી હતી. સારવાર બાદ હાલ બાળકને પગના શૂઝ પહેરાવી રાખવાની સલાહ આપવામાં આવી છે, અને આર.બી.એસ.કે. ટીમ દ્વારા નિયમિત ફોલો-અપ લેવામાં આવી રહ્યું છે. બાળકીના પિતા ઘનશ્યામભાઈ મૂળચંદાની મજૂરી કામ કરતાં હોઈ, મર્યાદિત આવક હોવાથી આ બધી જ સારવાર વિનામૂલ્યે મેળવી. તેમજ બાળકીનું સ્વાસ્થ્ય સારું થઈ જતાં તેમણે રાજ્ય સરકાર, આરોગ્ય વિભાગ અને આર.બી.એસ.કે. ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# પૂ. પંન્યાસપ્રવરશ્રી પુણ્યરક્ષિતવિજયજીને શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થ ખાતે મહામહોત્સવપૂર્વક આચાર્યપદે આરૂઢ કરાયા



વલસાડઃ સંઘપ્રદેશ-દાદરા નગર હવેલીમાં ૧૪-૧૪ દીક્ષિતોની જન્મભૂમિથી જૈન દીક્ષાની ખાણ તરીકે પ્રસિદ્ધ બનેલા નરોલી નગરના ધર્મમાતા ધાપુબેન ધનરાજજી ધનરેશા પરિવારના મોભીસમા પિતાશ્રી ખીમચંદભાઈ અને માતુશ્રી હીરાબેનના સુપુત્ર પંકજકુમારે આજથી ૩૫ વર્ષ પૂર્વે વિ.સં. ૨૦૪૫ ના ફાગણ સુદ-સાતમના રોજ માતા-પિતા સાથે જ નરોલી નગરમાં જૈનદીક્ષા અંગીકાર કરી જિનશાસનના મહાન જ્યોતિર્ધર સુપ્રસિદ્ધ જૈનાચાર્યશ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના સમુદાયમાં સંયમ માર્ગ અપનાવ્યો હતો. આ સાથે જ તેમને જૈન મુનિ પુણ્યરક્ષિતવિજયજી મ. સા. નામ આપવામાં આવ્યું હતું.

જૈનદીક્ષા બાદ વિનય- વૈયાવચ્ચ, સ્વાધ્યાય- તપ-જપમાં તેઓ આગળ વધતા રહ્યા અને ગણિપદ-પંન્યાસપદને પામ્યા. અને ચાલુ વર્ષે જૈનોનું સુપ્રસિદ્ધ તીર્થ સ્થળ શ્રી સમ્મેતશિરજી મહાતીર્થના તલેટી તીર્થ ખાતે સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રીમદ્ વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજા સહિત ત્રણ-ત્રણ આચાર્ય ભગવંતો ૯૦ જેટલા જૈન શ્રમણ-શ્રમણીવૃંદ ભગવંતો તથા સેંકડો માનવ મહેરામણની વચ્ચે હર્ષોલ્લાસપૂર્વક વિ.સં. ૨૦૮૫ ના માગસર સુદ - ચૌદસ શનિવાર તા. ૧૪-૧૨-૨૦૨૪ નાં મંગલદિને જૈનશાસનના સર્વોચ્ચ એવા આચાર્યપદે આરૂઢ કરાયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર તા. ૧૪-૧૨-૨૦૨૪ના સવારે ૦૮-૩૦ કલાકે વિજયરામચંદ્રસૂરીશ્વરજી આરાધનાભવન ખાતે આચાર્યપદ પ્રદાન વિધિનો મંગળ પ્રારંભ થયો હતો.

પ્રમુખ જૈનાચાર્યશ્રીએ નૂતન જૈનાચાર્યને ૭૦૦ ગાથાનું શ્રી નંદિસૂત્ર સંભળાવ્યું હતું. નૂતન જૈનાચાર્ય સપ્રમતભાવે તમામ ક્રિયા કરી હતી. આચાર્યપદ પ્રદાન બાદ નૂતન જૈનાચાર્યને (૧ ) સૂરિત્રન્ત્ર પટ (૨) નવકારવાળી (૩) આસન (૪) નૂતન નામકરણ જાહેર (૫) પદદાતા તથા નૂતન આચાર્યને ગુરુપૂજનની બોલીએ જોતજોતામાં લાખોનો આંક વટાવી દીધો હતો. આ પદપ્રદાન પ્રસંગે તીર્થરક્ષા- જીવદયા- અનુકંપા- પરમાત્માભક્તિ- સાધર્મિકભક્તિના અનેક સત્કાર્યો થયા હતા. પદપ્રદાનવિધિ બાદ પ્રમુખ જૈનાચાર્યી વિજયમુક્તિ પ્રભસૂરીશ્રૃરજી મહારાજાએ મનનીય હિતશિક્ષા ફરમાવી હતી અને નૂતન જૈનાચાર્યશ્રી વિજય પુણ્યરક્ષિતસૂરિજી મહારાજે પોતાને સંયમ જીવન પમાડવામાં ઉપકારી માતા-પિતા તથા ગુરુભગવંતોના ઉપકારનું સ્મરણ કરવા પૂર્વક પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

આ સૂરિપદપ્રદાન મહોત્સવમાં પ્રમુખ નિશ્રાદાતા જૈનાચાર્યશ્રી વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજા, જૈનાચાર્યશ્રી વિજય હર્ષતિલકસૂરિજી મહારાજા, જૈનાચાર્યશ્રી વિજયપૂણ્યપ્રભસૂરિજી મહારાજ આદિ સુવિશાળા શ્રમણ શ્રમણીભગવંતો પધાર્યા હતા. નૂતન જૈનાચાર્ય પોતાના પૂ. ગુરુદેવો સાથે ચાલુ વર્ષે ગુજરાતનું પ્રસિદ્ધ શ્રી શંખેશ્વર- પ્રવચન જીનતીર્થ ખાતે ચાતુર્માસ કરશે તા. ૨૮ ડિસેમ્બરના શિખરજીથી વિહાર થશે.

## ઈનર વીલ ક્લબ ઓફ ગોંડલ દ્વારા સિવિલ હોસ્પિટલમાં મશીન અપાયા




ઈનર વીલ ક્લબ ઓફ ગોંડલ દ્વારા ગોંડલ સિવિલ હોસ્પિટલમાં ફિઝિયોથેરાપી વિભાગમાં બે આધુનિક મશીન લેસર વિથ માઇક્રો કરંટ ટેન્સ વિથ મીની સ્ટીમ્યુલેટર ડોનેટ કરવામાં આવ્યા છે. સિવિલમાં આના દરરોજ ૫૦ થી ૬૦ દર્દીઓ આવે છે. આના વડે દર્દીઓ વધારે રાહત મેળવી શકશે. આ તકે ફિઝીયોથેરાપી વિભાગના ઇન્ચાર્જ ડોક્ટર મૌલિક શાહ, ડોક્ટર અમિત દિવેચા, મનોચિકિત્સક સિવિલ હોસ્પિટલ શાંતાબેન પરમાર હાજર રહ્યા હતા. આ તકે ક્લબ પ્રેસિડેન્ટ સેક્રેટરી અને મેમ્બર્સ હાજર રહ્યા હતા.

## રાજકોટમાં રવિવારે યોજાનારી રાજ્ય વેરા નિરીક્ષકની પરીક્ષા અંગેના પ્રતિબંધાત્મક આદેશો

રાજકોટઃગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તા. ૨૨ ડિસેમ્બર, ૨૦૨૪ને રવિવારનાં રોજ ગુજરાત રાજ્ય વેરા નિરીક્ષક, વર્ગ-૩ની લેખિત પરીક્ષા શાળા-કોલેજોના કુલ ૪૩ કેન્દ્રો ખાતે સવારે ૧૧ કલાકથી બપોરે ૦૧ કલાક સુધી યોજાશે, જે અન્વયે રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી બ્રજેશકુમાર ઝા દ્વારા પરીક્ષાર્થીઓ પરીક્ષા કોઇપણ જાતની ખલેલ વિના શાંત વાતાવરણમાં આપી શકે, તે હેતુસર પ્રતિબંધાત્મક આદેશો જાહેર કરાયા છે.

જે મુજબ રાજકોટ શહેરમાં પરીક્ષા કેન્દ્રોના કંપાઉન્ડની ચારે બાજુની ત્રિજયાના ૧૦૦ મીટરના વિસ્તારમાં અનધિકૃત વ્યકિતઓ તેમજ ચાર કે તેથી વધારે વ્યકિતઓ એકત્રીત થઈ શકશે નહીં. પરીક્ષા કેન્દ્રોની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રિજયામાં સ્ટેશનર્સ, વેપારીઓ, શાળા સંચાલકોને ઝેરોક્ષ મશીન અને ફેક્સ મશીન ચાલુ રાખવાની મનાઈ છે. શાળાઓની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઇ વ્યકિત વાહનો લાવશે નહીં કે શાળાઓમાં વાહનો લઈ જઈ શકશે નહીં. આ ઉપરાંત, પરીક્ષાર્થીઓ પ્રશ્નપત્રને લગતુ સાહિત્ય, પુસ્તક, ગાઇડ, ચાર્ટ, મોબાઇલ ફોન, બ્લુટુથ, આઇ.ટી. ઉપકરણ જેવા ઇલેક્ટ્રોનીક સાધનો તેમજ પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઇ જઈ શકાશે નહીં તેમજ સુપરવાઇઝરોએ પણ પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન લઈ જવાના રહેશે નહીં. પરીક્ષા કેન્દ્રોના સ્થળ સંચાલક, સુપરવાઇઝર (ખંડ નિરીક્ષકો), સરકારી પ્રતિનિધિ અને વર્ગ-૪ના કર્મચારીઓએ ચોકસાઇપુર્વકનું ઓળખકાર્ડ સાથે રાખવાનુ રહેશે અને સબંધિતોએ ઓળખકાર્ડ પહેરવાનું રહેશે. ઓળખકાર્ડ સિવાયની કોઇપણ વ્યકિત પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરી શકશે નહીં.

ॐકારા

કર્મ એજ ધર્મ

સનાતન એજ સત્ય

આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

તરસ્યાંને પાણી, ભૂખ્યાંને અન્ન અને મનથી હારી ચૂકેલી વ્યક્તિને હિંમત આપવી... આનાથી મોટું ધર્મ અને પુણ્ય બીજું કંઈ નથી.

કર્મ સદા સજાગતાપૂર્વક કરીએ...

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
KALAVID
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

સેફાયર છે ને.. !!
શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

**તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે**

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Daily Morning Newspaper



ડિજિટલ ભારતની સાથે
તમે પણ બનો ડિજિટલ...



તમારા ધંધા-વેપારની
જાહેરાત 'સામના મિરર'માં
આપી આપના
વ્યવસાયને પહોંચાડો
લાખો વાંચકો સુધી...






મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા
વોટ્સએપ પર
Hi લખીને મોકલો
98983 17826



અને જોડાઇ જાવ અમારી સાથે...


RAVI ENGLISH INSTITUTE ®
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
''શ્રી હરી કોમ્પલેક્ષ'' પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062